RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 409 Dt. 25-08-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

### રાષ્ટ્રીય સુરક્ષા પર સાયબર પ્રહાર

# પાંચ રાજ્યોમાં NIAના દરોડા

## નડિયાદ સહિત દેશભરમાં દરોડાથી મોટો ધમાકો : આરોપીઓએ 'ઓપરેશન સિંદૂર'ના નામે કેન્દ્ર સરકારની ૫૪ જેટલી સરકારી વેબસાઈટો, મહત્વપૂર્ણ કોમ્પ્યૂટર સંસાધનો અને દેશના અતિસંવેદનશીલ સૂચના ડેટાબેઝને ટાર્ગેટ કર્યા

અમદાવાદ, તા. ૨૪

રાષ્ટ્રીય સુરક્ષા પર પ્રહાર કરતી સાયબર ટેરરિઝમની પ્રવૃત્તિઓ સામે ગઈએએ લાલ આંખ કરીને ૫ રાજ્યોમાં એકસાથે ત્રાટકી મોટો પર્દાફાશ કર્યો છે. કેન્દ્ર સરકારની અતિસંવેદનશીલ ૫૪ વેબસાઈટો, મહત્ત્વપૂર્ણ કોમ્પ્યૂટર સંસાધનો અને દેશના સિક્રેટ ડેટાબેઝને 'ઓપરેશન સિંદૂર'ના નામે નિશાન બનાવનાર સાયબર હુમલાખોરો સામે એજન્સીએ આરપારની લડાઈ શરૂ કરી દીધી છે. રાષ્ટ્રીય સુરક્ષા અને અખંડિતતાને જોખમમાં મૂકી લોકોમાં ભય ફેલાવવાના હેતુથી કરાયેલા આ ષડયંત્રના મૂળ સુધી પહોંચવા ગઈએએ કોર્ટના સર્ચ વોરન્ટ સાથે ગુજરાતના નડિયાદ, મહારાષ્ટ્રના જુન્નર, તેલંગાણાના રામાગુંડમ, બિહારના ગોપાલગંજ અને દિલ્હીમાં વ્યાપક દરોડા પાડ્યા હતા.




ટેક્નિકલ એનાલિસિસના આધારે શંકાસ્પદોની ઓળખ કરીને હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન ૩ લેપટોપ, ૫ મોબાઈલ ફોન અને પેન ડ્રાઈવ સહિતના ડિજિટલ સાધનો જપ્ત કરવામાં આવ્યા છે, જેમાંથી હેકિંગ સંબંધિત અત્યંત આપત્તિજનક દસ્તાવેજો અને પુરાવાઓ હાથ લાગ્યા છે. આ કાવતરામાં ૨ આરોપીઓની અગાઉથી જ ધરપકડ કરી લેવાઈ છે, ત્યારે દરોડામાં સામે આવેલા નવા શંકાસ્પદોનો પકડાયેલા આરોપીઓ સાથે શું સંબંધ છે તે દિશામાં ગઈએ ઊંડાણપૂર્વક પૂછપરછ કરી રહી છે. દેશની સુરક્ષા સામે વિઘ્ન ઊભું કરનારા સાયબર ટેરરિસ્ટો સામે આ સર્જિકલ એક્શનથી એજન્સીએ સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે દેશહિત સાથે રમત કરનાર કોઈપણ હુમલાખોર બચી શકશે નહીં.

આ હુમલા દ્વારા દેશની સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની આશંકા છે. NIAએ હેકિંગ માટે ટેકનિકલ સપોર્ટ અને જરૂરી સ્કિલ પૂરી પાડનારા શંકાસ્પદોના ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા. કાર્યવાહી દરમિયાન ત્રણ લેપટોપ, પાંચ મોબાઈલ ફોન, ડિજિટલ સાધનો અને વાંધાજનક દસ્તાવેજો સહિતની સામગ્રી જપ્ત કરવામાં આવી છે. આ કેસમાં અગાઉ બે આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે. હવે ગઈએ દ્વારા જપ્ત કરાયેલા ડિજિટલ સાધનો અને દસ્તાવેજોની તપાસ કરીને અન્ય સંડોવાયેલા લોકો અંગે માહિતી મેળવવામાં આવી રહી છે. કેસમાં વધુ તપાસ ચાલુ છે.

# એકસાથે ચાર શક્તિશાળી વાવાઝોડા બન્યા સક્રિય!

## પ્રશાંત મહાસાગરમાં આઠ વર્ષ પછી આવો ખતરો

નવી દિલ્હી, તા.૨૪

પશ્ચિમ પ્રશાંત મહાસાગરમાં આ સમયે એકસાથે ૪ નામવાળા વાવાઝોડા સક્રિય થયા છે. ઓગસ્ટ મહિનામાં આવી દુર્લભ ઘટના અંદાજે ૮ વર્ષ પછી જોવા મળી છે. આ અગાઉ નવેમ્બર ૨૦૨૪ માં એકસાથે ૪ વાવાઝોડા સક્રિય થયા હતા. હાલમાં વાવાઝોડું 'સૌડેલ' ઉપરાંત ટ્રોપિકલ સ્ટોર્મ 'નારા', 'ગૈનારી' અને 'અત્સાની' સક્રિય છે. આ ચારેય વાવાઝોડાનું સ્થાન, શક્તિ અને આગળ વધવાની દિશા અલગ-અલગ છે. તેમાંથી 'સૌડેલ' સૌથી વધુ શક્તિશાળી છે, જ્યારે 'નારા' અને 'ગૈનારી' હાલમાં એક જ જગ્યાએ સ્થિર જેવા છે અને 'અત્સાની' ઉત્તર-પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે.

'સૌડેલ' વાવાઝોડામાં પવનની ગતિ અંદાજે પ્રતિ કલાક ૧૬૫ કિમી છે, જ્યારે તેના તેજ ઝાપટાં પ્રતિ કલાક ૨૪૦ કિમી સુધી પહોંચી રહ્યા છે. આ સિસ્ટમ અંદાજે પ્રતિ કલાક ૩૫ કિમી ની ઝડપે પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહી છે. ચારેય સિસ્ટમમાં આ સૌથી મજબૂત વાવાઝોડું હોવાથી અને તેના ભારે પવનને કારણે હવામાન વિભાગ દ્વારા તેના પર ખાસ



નજર રાખવામાં આવી રહી છે.

'નારા' વાવાઝોડામાં પવનની ગતિ આશરે પ્રતિ કલાક ૭૫ કિમી અને તેજ ઝાપટાં પ્રતિ કલાક ૧૧૦ કિમી સુધીના છે. આ વાવાઝોડું હાલમાં લગભગ એક જ જગ્યા પર સ્થિર બનેલું છે. તેના આગળ વધવાની ગતિ અત્યંત ધીમી હોવાથી હાલ તેની સ્થિતિમાં કોઈ મોટો ફેરફાર જોવા મળતો નથી.

'ગૈનારી' વાવાઝોડામાં પવનની ઝડપ અંદાજે પ્રતિ કલાક ૬૫ કિમી નોંધાઈ છે અને તેના તેજ ઝાપટાં પ્રતિ કલાક ૯૫ કિમી સુધી પહોંચી રહ્યા છે. આ વાવાઝોડું પણ હાલ લગભગ એક જ જગ્યા પર કેન્દ્રિત થયેલું છે. તેની સ્થિતિ અને તાકાત પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.'અત્સાની' વાવાઝોડું અંદાજે ૧૫.૧ઓ ઉત્તરી અક્ષાંશ અને ૧૩૭.૩ઓ પૂર્વી દેશાંતર પાસે કેન્દ્રિત છે. તેમાં પવનની ગતિ આશરે પ્રતિ કલાક ૬૫ કિમી અને ઝાપટાં પ્રતિ કલાક ૯૫ કિમી સુધીના છે. આ વાવાઝોડું લગભગ પ્રતિ કલાક ૨૫ કિમી ની ઝડપે ઉત્તર-પૂર્વ દિશા તરફ આગળ વધી રહ્યું છે. ચારેય વાવાઝોડામાં તેની દિશા અન્ય સિસ્ટમ કરતાં તદ્દન અલગ છે.

પશ્ચિમ પ્રશાંત મહાસાગરમાં એકસાથે ૪ નામવાળા વાવાઝોડા સક્રિય થવું એ સમુદ્રમાં સર્જાયેલી ભારે તોફાની ગતિવિધિ દર્શાવે છે. જોકે આ ચારેય વાવાઝોડા અલગ-અલગ વિસ્તારોમાં છે અને તેમની શક્તિ પણ જુદી જુદી છે, જેથી ચારેય તોફાન એક જ ચોક્કસ વિસ્તાર માટે ખતરો ઊભો કરી રહ્યા નથી.

### કુંભમાં કરેલા ખર્ચના ૦.૧% મળ્યા હોત તો..કોર્ટના જજે ઉઠાવ્યા ગંભીર સવાલો

# તો..૧૨૫ શાળાઓ બચી ગઈ હોતઃ સુપ્રીમ

નવી દિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેએ મહારાષ્ટ્રમાં સરકારી શાળાઓની સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, જો નાસિક કુંભમેળા માટે ફાળવવામાં આવેલા બજેટનો માત્ર ૦.૧ ટકા હિસ્સો પણ મરાઠી માધ્યમની શાળાઓ પાછળ ખર્ચવામાં આવ્યો હોત, તો રાજ્યની આશરે ૧૦૦ થી ૧૨૫ શાળાઓને બંધ થતી બચાવી શકાઈ હોત. જસ્ટિસ વરાલેએ ગ્રામીણ શાળાઓમાં બાળકોની સુરક્ષા અને શિક્ષણ વ્યવસ્થાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, બાળકો દેશનું ભવિષ્ય છે.



ધૂલે જિલ્લાની એક હાઈસ્કૂલમાં સ્માર્ટ ક્લાસરૂમના ઉદઘાટન પ્રસંગે તેમણે મોટા પ્રોજેક્ટ્સ અને શિક્ષણ પર થતા ખર્ચની સરખામણી કરી હતી. તેમણે કહ્યું કે, નાસિક કુંભ માટે આશરે ₹૩૨,૦૦૦ થી ₹૩૪,૦૦૦ કરોડનું બજેટ દર્શાવાઈ રહ્યું છે, જ્યારે કોરિડોર પ્રોજેક્ટ્સ પર પણ ₹૧૧,૦૦૦ કરોડ ખર્ચાઈ રહ્યા છે. જો કુંભના બજેટના ૦.૧% એટલે કે, આશરે ₹૩૨ કરોડ પણ શાળાઓની પ્રાથમિક જરૂરિયાતો પર વપરાયા હોત તો ઘણી શાળાઓ બંધ થતી અટકી જાત.

પોતાના બાળપણનો ઉલ્લેખ કરતા જસ્ટિસ વરાલેએ કહ્યું કે, તેમણે ધોરણ ૧૦ સુધી મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતની સરકારી શાળાઓમાં મરાઠી માધ્યમમાં અભ્યાસ કર્યો હતો. ક્ષેત્રીય ભાષામાં શિક્ષણ મેળવવાથી તેમની કારકિર્દીમાં કોઈ અવરોધ આવ્યો નથી. તેમણે પ્રાથમિક શિક્ષણ અને આરોગ્યને દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર ગણાવ્યો હતો.તેમણે ગ્રામીણ વિસ્તારોમાં સુવિધાઓના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરતા એક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં સુવિધા ન હોવાથી ત્રણ વિદ્યાર્થિનીઓને ભોંયતળિયે ઊંઘવું પડ્યું હતું, અને સાપ કરડવાથી ત્રણેયના મોત થયા હતા. તેમણે કહ્યું કે, રાજ્યમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધવા છતાં શિક્ષણ બજેટ વર્ષોથી ૧૩ ટકાથી નીચે રહ્યું છે, જે ચિંતાજનક છે.

# જેન-આલ્ફા યુવાનોની પદયાત્રા

## પ્રશ્નોના નિરાકરણ માટે કલેક્ટરને મળવા ૧૫ કિમી ચાલીને પહોંચેલા વિદ્યાર્થીઓની સમસ્યાઓ કલેક્ટર અને એસપીએ સાંભળી, તંત્રમાં દોડધામ મચી ગઈ

નવી દિલ્હી, તા.૨૪

તા.૨૪ મધ્યપ્રદેશના બડવાની જિલ્લામાં આવેલી 'એકલવ્ય સરકારી રહેણાંક શાળા' (જામલી) ના વિદ્યાર્થીઓનો આક્રોશ સોમવારે રસ્તા પર જોવા મળ્યો હતો. શાળા અને હોસ્ટેલમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ તથા સ્ટાફના કથિત ગેરવર્તણૂકથી નારાજ થઈને ૨૨૫ થી વધુ વિદ્યાર્થીઓ પોતાની સમસ્યાઓ રજૂ કરવા માટે કલેક્ટરને મળવા ૧૫ કિલોમીટર પગપાળા ચાલીને નીકળી પડ્યા હતા. વિદ્યાર્થીઓએ રસ્તામાં સૂત્રોચ્ચાર કર્યા હતા. વહીવટી અધિકારીઓએ તેમને રોકીને બસ દ્વારા કલેક્ટર કચેરી લઈ જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિદ્યાર્થીઓએ સ્પષ્ટ ના પાડી દીધી હતી, અને કહ્યું હતું કે, તેઓ કલેક્ટરને રૂબરૂ મળીને



જ પોતાની વાત રજૂ કરશે.

ઘટનાની જાણ થતાં જ વહીવટીતંત્રમાં હડકંપ મચી ગયો હતો. સેંધવા એસડીએમ આશિષ અને એસડીઓપી અજય વાઘમારે સહિત શાળાના પ્રિન્સિપાલ અજીત સિંહ અને અન્ય સ્ટાફ વિદ્યાર્થીઓને સમજાવવા પાછળ પાછળ ચાલતા રહ્યા હતા. ઘટનાસ્થળે ત્રણ બસો પણ મુકવામાં આવી હતી, પરંતુ વિદ્યાર્થીઓ બસમાં બેસવા તૈયાર થયા નહોતા.

હોસ્ટેલની વ્યવસ્થાઓ અંગે નારાજગી વ્યક્ત કરતા કેટલીક વિદ્યાર્થિનીઓએ આરોપ લગાવ્યો હતો કે, હોસ્ટેલ વોર્ડન અને ક્લાસ ટીચરનું વર્તન તેમની સાથે સારું નથી અને તેમની સાથે ગેરવર્તણૂક કરવામાં આવે છે. વિદ્યાર્થીઓએ સ્પષ્ટ કર્યું કે, તેઓ પોતાની તમામ ફરિયાદો કલેક્ટર સમક્ષ જ મૂકવા માંગે છે.

વિદ્યાર્થીઓ જુલવાનિયા સુધી પહોંચ્યા હોવાની જાણ થતાં કલેક્ટર જયંતિ સિંહ અને એસપી પદ્મવિલોચન શુક્લ પોતે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. બંને ઉચ્ચ અધિકારીઓએ વિદ્યાર્થીઓ સાથે શાંતિપૂર્વક વાતચીત કરી, તેમની તમામ સમસ્યાઓ સાંભળી અને ટૂંક સમયમાં જ તેનો ઉકેલ લાવવાની ખાતરી આપી. અધિકારીઓની ખાતરી બાદ વિદ્યાર્થીઓ બસમાં બેસીને શાળાએ પરત ફર્યા હતા. જોકે, તેમણે ચેતવણી આપી છે કે, જો તેમની સમસ્યાઓનું નિવારણ નહીં થાય તો તેઓ ફરીથી આંદોલન કરશે.

### અમેરિકા જવાનું સ્વપન બનશે મોંઘુદાટ

# H-1B વિઝા ફી વધીને ૯૯ લાખ થવાની વકી

## ભારતીયોને લાગશે મોટો આર્થિક ફટકો : યુએસ જવા ઈચ્છતા વ્યાવસાયિકો ચિંતિત

નવી દિલ્હી, તા.૨૪

ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન H-1B વિઝા ફી વધારીને ૧,૦૩,૨૬૫ ડોલર (લગભગ ૯૮.૯૨ લાખ રૂપિયા) કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રસ્તાવથી ભારતીય IT પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓને સૌથી વધુ અસર થશે, કારણ કે ૭૦% થી વધુ H-1B વિઝા ભારતીયોને મળે છે. જો આ નિયમ અમલમાં આવશે તો અમેરિકામાં નોકરી કરતા વિદેશી નાગરિકો માટે મુશ્કેલી વધશે.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પનું પ્રશાસન H-1B વિઝા અને F-1 ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) કાર્યક્રમો માટે નવી તોતિંગ ફી લાગુ કરવાની તૈયારી કરી રહ્યું છે. આ નવા પ્રસ્તાવ હેઠળ H-1B વિઝા ફી વધારીને ૧,૦૩,૨૬૫ ડોલર એટલે કે આશરે ૯૮.૯૨ લાખ રૂપિયા કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

અમેરિકાના હોમલેન્ડ સિક્યોરિટી વિભાગ (DHS) દ્વારા આ પ્રસ્તાવ તૈયાર કરીને ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. જો આ નવો નિયમ અમલમાં આવશે તો અમેરિકામાં વિદેશી નાગરિકો માટે નોકરી કરવી, અભ્યાસ પૂર્ણ કરી નોકરી શોધતા વિદ્યાર્થીઓ અને વિદેશી કર્મચારીઓને સ્પોન્સર કરતી કંપનીઓ માટે ખર્ચ ખૂબ વધી જશે.

H-1B પ્રોગ્રામ હેઠળ અમેરિકન કંપનીઓ વિશિષ્ટ ક્ષેત્રોમાં નિપુણતા ધરાવતા વિદેશી કર્મચારીઓની ભરતી કરી શકે છે. આ અંતર્ગત દર વર્ષે ૬૫,૦૦૦ સામાન્ય વિઝા અને ઉચ્ચ ડિગ્રી ધરાવતા પ્રોફેશનલ્સ માટે વધારાના ૨૦,૦૦૦ વિઝા બહાર પાડવામાં આવે છે, જેની માન્યતા ૩થી ૬ વર્ષ સુધીની હોય છે. અગાઉ આ વિઝા માટે સામાન્ય




સંજોગોમાં આશરે ૨,૦૦૦ થી ૫,૦૦૦ ડોલર સુધીની સામાન્ય ફી ચૂકવવી પડતી હતી, જેમાં હવે જંગી વધારાની દરખાસ્ત કરવામાં આવી છે.

આ પ્રસ્તાવિત ફેરફારની સૌથી મોટી અસર ભારતીયો પર પડશે, કારણ કે H-1B વિઝા મેળવનારાઓમાં ૭૦%થી વધુ હિસ્સો ભારતીયોનો છે. અમેરિકી ઈમિગ્રેશન સેવા (USCIS) દ્વારા વર્ષ ૨૦૨૪માં મંજૂર કરાયેલી ૩,૯૯,૪૦૨ વિઝા અરજીઓમાંથી ૭૧% ભારતીય મૂળના લોકોની હતી. અમેરિકામાં હાલ ૫૨ લાખથી વધુ ભારતીય મૂળના લોકો વસવાટ કરે છે. વિઝા ફી વધારા સંબંધિત આ દરખાસ્તો વ્હાઈટ હાઉસના મેનેજમેન્ટ અને બજેટ કાર્યાલય (OMB) સુધી પહોંચી ગઈ છે, જ્યાં ૧૯ ઓગસ્ટ અને ૨૦ ઓગસ્ટે તેની સમીક્ષા પ્રક્રિયા આગળ વધી હતી.

અહેવાલો અનુસાર, હોમલેન્ડ સિક્યોરિટી વિભાગ OPT અરજીઓ પર પણ ૧ લાખ ડોલર સુધીની ભારે ફી લાદવાનો પ્રસ્તાવ મૂકી શકે છે. જોકે આ પ્રસ્તાવોની સંપૂર્ણ સત્તાવાર વિગતો હજુ સાર્વજનિક કરવામાં આવી નથી અને ટૂંક સમયમાં તેનું વિગતવાર નોટિફિકેશન બહાર પાડવામાં આવશે.

### વિઝા ફી વધારા સામે અમેરિકામાં કાનૂની પડકાર

અમેરિકાના સૌથી મોટા બિઝનેસ સંગઠન યુએસ ચેમ્બર ઓફ કોમર્સ, ડેમોક્રેટિક શાસિત રાજ્યો અને નોકરીદાતાઓના સંગઠને આ ફી વધારા સામે કોર્ટમાં પડકાર ફેંક્યો છે. અરજીઓમાં દલીલ કરવામાં આવી છે કે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ (US President Donald Trump)ને પ્રવેશ પ્રતિબંધિત કરવાની મળેલી સત્તા સંસદ (કોંગ્રેસ) દ્વારા બનાવેલા કાયદાને મનસ્વી રીતે બદલવાનો અધિકાર આપતી નથી. સંસદની મંજૂરી વિના આ પ્રકારનો મોટો ટેક્સ કે ફી લાદી શકાય નહીં. બીજી તરફ ટ્રમ્પ પ્રશાસનનું કહેવું છે કે, આ પરંપરાગત ટેક્સ નથી અને રાષ્ટ્રપ્રમુખના અધિકારોમાં કોર્ટની દખલગીરી મર્યાદિત હોવી જોઈએ.

### ૬૦ દિવસનો ગ્રેસ પીરિયડ ખતમ થવાનો ખતરો

ફી વધારા ઉપરાંત DHS દ્વારા બેરોજગાર ઇ-૧ઇ કર્મચારીઓ માટે મળતો ૬૦ દિવસનો ગ્રેસ પીરિયડ સમાપ્ત કરવાનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે. જો આ નિયમ મંજૂર થશે તો નોકરી ગુમાવનારા કર્મચારીઓ અને તેમના આશ્રિતોએ તરત જ અમેરિકા છોડવું પડશે, અન્યથા તેમના પર ઈમિગ્રેશન કાયદાના ઉલ્લંઘન બદલ કાર્યવાહી થઈ શકે છે.

### સ્વ. કિશોરભાઈ ટીલારાની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ધારાસભ્ય રમેશભાઈ ટીલારા દ્વારા

# શનિવારે વિનામૂલ્યે મેગા સર્વ રોગ નિદાન કેમ્પ

## પટેલવાડી (વાણીયાવાડી), જલારામ ચોક, રાજકોટ ખાતે યોજાનાર કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લેવા આયોજકોનો અનુરોધ

રાજકોટ, તા.૨૪

માનવ સેવા એ જ પ્રભુ સેવાના સેવાભાવને સાકાર કરવા, સ્વ. કિશોરભાઈ ટીલારાની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિને જનસેવાના કાર્ય સાથે ઉજવવા ધારાસભ્ય રમેશભાઈ ટીલારા દ્વારા વિશાળ વિનામૂલ્યે મેગા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ધારાસભ્ય, એઈમ્સ (અઈઈખજ) હોસ્પિટલ, રાજકોટના સંયુક્ત સહયોગથી તા. ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬, શનિવારના રોજ સવારે ૮:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી પટેલવાડી (વાણીયાવાડી), જલારામ ચોક, રાજકોટ ખાતે આ વિશાળ મેગા મેડિકલ કેમ્પ યોજાનાર છે.

વિશાળ મેગા મેડીકલ કેમ્પની સવિસ્તાર માહિતી આપવા આજે મનોજભાઈ ટીલાળા, વિનુભાઈ ધડુક, રાજેશભાઈ હપાણી, સાગરભાઈ સોજીત્રા, દીક્ષિતભાઈ ધાંજા વિગેરે રાજકોટ મિરરકાર્યાલયની મુલાકાતે આવ્યા હતા. આ તકે ઉપરોક્ત આગેવાનોએ જણાવ્યું હતું કે, મેગા મેડિકલ કેમ્પમાં એઈમ્સ હોસ્પિટલ રાજકોટની પ્રતિષ્ઠિત ડોક્ટર્સની ટીમ તેમજ વિવિધ રોગોના જાણીતા સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સ પોતાની માનદ સેવાઓ આપશે. એક જ સ્થળે વિવિધ રોગોના નિદાન, તબીબી તપાસ, નિષ્ણાત માર્ગદર્શન , સારવાર અંગેની સલાહ મળી રહે તે માટે કેમ્પમાં વિશાળ તબીબી વ્યવસ્થા કરવામાં આવી છે.

કેમ્પમાં વિવિધ રોગો અને આરોગ્યલક્ષી સમસ્યાઓ અંગે નિદાન તથા માર્ગદર્શન આપવામાં આવશે. હૃદય રોગના નિષ્ણાંત, બાળરોના નિષ્ણાંત, જનરલ મેડિસિનના નિષ્ણાંત, ચર્મરોગ નિષ્ણાંત, જનરલ સર્જન / ગેસ્ટ્રોસર્જનના નિષ્ણાંત, કાન, નાક, ગળાના નિષ્ણાંત, કેન્સરના નિષ્ણાંત, આંખના





નિષ્ણાંત, છાતી તથા ફેફસાંના નિષ્ણાંત, કિડનીના નિષ્ણાંત (યુરોલોજીસ્ટ), હાડકાંના નિષ્ણાંત, દાંતના નિષ્ણાંત તેમજ સ્ત્રીરોગ ના નિષ્ણાંત (ગાયનેક).

કેમ્પમાં વિવિધ રોગો , આરોગ્યલક્ષી સમસ્યાઓ અંગે નિદાન, માર્ગદર્શન આપવામાં આવશે. હૃદયરોગ, બ્લડ પ્રેશર, હાર્ટ બીટ્સની તકલીફો, બાળરોગો, ન્યુમોનિયા, ડેન્ગ્યુ-મેલેરિયા, જનરલ મેડિસિન, ડાયાબિટીસ, થાઈરોઈડ, પથરી, ચર્મરોગ, ખરજવું, વાળ ખરવાની સમસ્યા, જનરલ સર્જરી, ગેસ્ટ્રોસર્જરી, જેમાં એપેન્ડિક્સ, હરસ-મસા, લીવર સંબંધિત સમસ્યાઓનો સમાવેશ, કાન, નાક, ગળાના રોગો તેમજ ઓપરેશન અંગેનું માર્ગદર્શન, કેન્સર અંગે નિદાન, માર્ગદર્શન, જેમાં મોં, ગળું, સ્તન, ગર્ભાશય, પેટના કેન્સરનો સમાવેશ, આંખના રોગો, જેમાં મોતિયો, વેલ, જામર , નંબરની તપાસ, છાતી, ફેફસાંના રોગો, દમ, અસ્થમા, ટીબી, કિડનીના રોગો, યુરોલોજી, પથરી, પ્રોસ્ટેટ સંબંધિત સમસ્યાઓ, હાડકાંના રોગો, ફ્રેક્ચર, કમર-ઘૂંટણ, સાંધાના દુખાવા, સ્ત્રીરોગ, અનિયમિત માસિક, વંધ્યત્વ સંબંધિત સમસ્યાઓ તેમજ દાંતના રોગો, ચોકઠું, પાયોરિયા અંગે તપાસ, માર્ગદર્શન આપવામાં આવશે.

કેમ્પમાં આવનાર દર્દીઓની સુવિધા માટે સરકારની યોજનાઓ હેઠળ 'આયુષ્યમાન કાર્ડ' , વરિષ્ઠ નાગરિકો માટે 'વયવંદના કાર્ડ' સ્થળ પર જ કાઢી આપવાની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આયુષ્યમાન કાર્ડ માટે જરૂરી દસ્તાવેજોમાં આધારકાર્ડ, મામલતદારનો આવકનો દાખલો, રેશનકાર્ડ , રજિસ્ટ્રર્ડ મોબાઈલ નંબર રહેશે. તેમજ વયવંદના કાર્ડ માટે જરૂરી દસ્તાવેજોમાં આધારકાર્ડ, રેશનકાર્ડ , રજિસ્ટ્રર્ડ મોબાઈલ નંબર રહેશે.

આ મેગા મેડિકલ કેમ્પનો વધુમાં વધુ લોકો લાભ લઈ શકે તે માટે અગાઉથી નામ રજિસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. નામ નોંધણી માટે મો. +૯૧ ૯૩૧૬૭ ૫૨૩૭૭ પર વહેલી તકે સંપર્ક કરવા આયોજકો દ્વારા સર્વે જનતાને હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

### સ્વ. કિશોરભાઈની સ્મૃતિરૂપે ચેકડેમ અને વનનું કરાશે નિર્માણ

સ્વ. કિશોરભાઈ ટીલારાની સ્મૃતિને માત્ર પુણ્યતિથિ પૂરતી સીમિત ન રાખી, તેમના સેવાભાવને જનહિતના કાયમી કાર્યો સાથે જોડવાના સંકલ્પના ભાગરૂપે 'કિશોરભાઈ વન'નું નિર્માણ તેમજ 'કિશોરભાઈ ચેકડેમ'નું નિર્માણ કરવામાં આવશે. 'કિશોરભાઈ વન' થકી પર્યાવરણ સંરક્ષણ, હરિયાળીને પ્રોત્સાહન મળશે, જ્યારે 'કિશોરભાઈ ચેકડેમ' દ્વારા જળસંચય , પાણીના સંરક્ષણને વેગ મળશે. આમ, સ્વ. કિશોરભાઈની સ્મૃતિમાં આરોગ્ય સેવા સાથે પર્યાવરણ, જળસંચય ક્ષેત્રે પણ લોકહિતના કાયમી કાર્યોને આગળ ધપાવવામાં આવશે. ધારાસભ્ય રમેશભાઈ ટીલારાએ જણાવ્યું હતું કે, સ્વ. કિશોરભાઈની સ્મૃતિને સાચી શ્રદ્ધાંજલિ એ છે કે તેમના સેવાભાવને જનસેવાના કાર્યો દ્વારા જીવંત રાખવામાં આવે. આરોગ્ય સેવા, પર્યાવરણ સંરક્ષણ, જળસંચય જેવા ક્ષેત્રોમાં લોકોના જીવનને સીધો લાભ મળે તેવા કાર્યો કરવાનું અમારું સતત પ્રયત્ન રહેશે.






# સમગ્ર ગુજરાતમાં રાજકોટ પોલીસનું રમત જગતમાં લાજવાબ પ્રદાન

રાજકોટ, તા.૨૪

છેલ્લા ચાલીસેક વર્ષના સમયગાળા દરમિયાન રાજકોટ પોલીસ દ્વારા રમત જગતની સ્પર્ધાઓમાં વ્યવસ્થા અને સ્પર્ધા સંચાલનમાં સમગ્ર ગુજરાતમાં અગ્રીમ હરોળનું સ્થાન રહ્યું છે. આ વાત નથી, નરી વાસ્તવિકતા છે.

રાજકોટ પોલીસ લાઈન બોઈઝ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી જુદી જુદી રમતો પૈકી સુપર એ સેવન સાઈડથી શરૂ કરી ગુજરાત ડીજીપી અને હોકી ફૂટબોલ તેમજ અન્ય રમતોનું સફળ સ્પર્ધા સંચાલન સંભાળ્યું છે. દેશની સૌથી પ્રતિષ્ઠિત સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ માની ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયન શીપનું ૭૪મુ સંસ્મરણ ગુજરાતમાં સૌપ્રથમ અને રાજકોટ ખાતે રાજકોટ પોલીસના યજમાન પદે પ્રયોજાયું છે.

ઉક્ત ટુર્નામેન્ટમાં ઓલમ્પિક્સમાં ચમકેલા ત્રણ હોકી પ્લેયર રાજકોટ ખાતે પધાર્યા છે અને રમી ચૂક્યા છે. આપણા રાજકોટના જ ચાર પ્લેયર ગુજરાત હોકી ટીમમાં સ્થાન મેળવી ચૂક્યા છે. અને આનંદની વાત તો એ હતી કે ગુજરાતની હોકી ટીમના કેપ્ટન રાજકોટ પોલીસમાં સેવારત એવા ખેર ભગીરથસિંહ વજેસિંહ રહ્યા છે. ડીજીપી કપ ઉપરાંત જુદી-જુદી રમતોના સ્પર્ધા સંચાલનમાં વધુ એક યશ કલગીનો ઉમેરો થયો છે રાજકોટ પોલીસે હેડ ક્વાર્ટર ના હેન્ડબોલ ગ્રાઉન્ડ ખાતે ડીજીપી કપ હેન્ડબોલ કલસ્ટર ૨૦૨૬-૨૦૨૭નો શુભારંભ થયો છે

આવી તમામ પ્રકારની રમતોના સફળ સંચાલનમાં પાયાની ઈંટ સમા અને ૧૯૬૦માં રોમ ખાતે ઓલમ્પિક રમવા જનાર હોકી પ્લેયર પૈકી સ્વ. ગંભીરસિંહ કેશવસિંહ બુંદેલા ઉર્ફે ટીબલી અને સ્વ. મહમ્મદભાઈ રાજા સાહેબનું મૂલ્યવાન યોગદાન રહ્યું છે. આ ઉપરાંત અનીલ દવે(સ્પોર્ટ્સ ઈન્ચાર્જ), અસ્લમ બ્લોચ(ફૂટબોલ), હરેન્દ્ર જાની અને પૂનમ પંડિત(ક્રિકેટ) બી.કે જાડેજા, રાજેશ ચૌહાણ, દિપક યશવંતે, રોહિત બુંદેલા, એચ.એમ રાજા, સ્વ. લાલસિંહ ચૌહાણ, જે.પી. બારડ(ફૂટબોલ કોચ), ડીસોજા સાહેબ (ફૂટબોલ કોચ), જયેશ કનોજીયા, દિલાવર રાઉમા, અરવિંદ મકવાણા, નકા કાકા, રમેશ કામલિયા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રવિ વાસદેવાણી, રમેશ સાટીયા, પુષ્પરાજસિંહ જાડેજા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. સ્પર્ધા સંચાલન અને આયોજનમાં જ્યોતિ સીએનસીવાળા પરાક્રમ સિંહ જાડેજાનો હરહંમેશ સહયોગ સાંપડ્યો હોવાનું આયોજન ગણે જણાવ્યું હતું.

આમ જન માનસ કે લોકવાયકાનો એક ભ્રામક ખ્યાલ જે પોલીસ લાઈન બોઈઝ માટે પ્રયોજાય છે તે ખરેખર તો ભ્રમણા જ ગણાય. કેમકે સમગ્ર ગુજરાતમાં પોલીસ લાઈન રાજકોટનું સ્થાન જુદી જુદી સ્પર્ધાઓના સંચાલનમાં અગ્ર હરોળનું ગણાય છે. તેથી કરીને વાચક ગણને નમ્ર અપીલ છે કે, ગમો અણ-ગમો, આઘાત-પ્રત્યાઘાત કે સાર-અસારને બે મિનિટ માટે બાજુ પર રાખી આપનો અભિપ્રાય બાંધજો. તે ઉપરાંત રમત જગતને પણ નમ્ર નિવેદન છે કે શરીરથી, મનથી બે મિનિટના વિરામ બાદ સ્પોર્ટ્સમેન સ્પિરિટથી આપનો અભિપ્રાય બાંધજો. અમે તો આપને અમારો ભાવ આપ્યો. હવે આપ આપનો આ અંગે અભિપ્રાય આપજો.



**સંકલન અને પ્રસ્તુતિ**
**એમ.બી.મકવાણા**
(નિવૃત પ્રાધ્યાપક, સ્પોર્ટ્સ, શ્રી વિરાણી સાયન્સ કોલેજ - રાજકોટ)



# નિનાદ હિરાણીને એવોર્ડ એનાયત

### કોમ્પ્યુટર એન્જિનિયરીંગ ક્ષેત્રે આગવી સિધ્ધિ બદલ દેવાંગ મહેતા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સન્માન

રાજકોટ, તા. ૨૪

અભ્યાસ ક્ષેત્રે પ્રથમથી જ તેજસ્વી કારકિર્દી ધરાવતા નિનાદ યશવંત હિરાણીનો તાજેતરમાં કોમ્પ્યુટર એન્જિનિયરીંગના પાંચમાં સેમેસ્ટરમાં રેન્ક પ્રાપ્ત કરવા બદલ દેવાંગ મહેતા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલ ગરીમાપૂર્ણ સમારોહમાં કોમ્પ્યુટર અને આઈટી ક્ષેત્રના દિગ્ગજો દ્વારા ટોપ રેન્કર એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું.

વીવીપી એન્જિનિયરીંગ કોલેજમાં કોમ્પ્યુટર એન્જિનિયરીંગના કોર્ષમાં અભ્યાસ કરતા નિનાદ હિરાણીએ સેમેસ્ટર ૫ માં ૯.૭૮/૧૦ અને સેમેસ્ટર ૬ માં ૯.૮૩/૧૦ એકેડેમિક પર્ફોમન્સ સાથે નોંધનિય સિધ્ધિ મેળવી હતી.

એટલું જ નહીં અભ્યાસની સાથોસાથ તેઓએ હાવર્ડ યુનિવર્સિટીમાંથી CS50 Introduction to Programming with Scratch, Python with Data Science, Generative AI for Educators - Google, MIT RAISE તથા Quantum Fundamentals Program - WISER x Qubitech x Amaravati Quantum Valley સહિત કોમપ્યુટરીંગ ક્ષેત્રના વિવિધ કોર્ષ પૂર્ણ કરી એકેડેમિક સ્કોર મજબૂત બનાવ્યો છે.

# ત્રણ દિવસીય ડીજીપી કપ હેન્ડબોલ સ્પર્ધાનું સમાપન

## પુરૂષ વિભાગમાં હથિયારી એકમો અને મહિલા વિભાગમાં અમદાવાદ શહેર ચેમ્પિયન બન્યા : રાજકોટ પોલીસ હેડક્વાર્ટર ખાતે યોજાયેલી ત્રણ દિવસીય રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગુજરાત પોલીસની પુરૂષોની ૮ અને મહિલાઓની ૬ ટીમોએ ઉત્સાહભેર લીધો ભાગ; વિજેતા ખેલાડીઓ પર અભિનંદનની વર્ષા












રાજકોટ, તા.૨૪

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા અને અધિક પોલીસ કમિશ્નરશ્રી ચૈતન્ય મંડલીકના માર્ગદર્શન હેઠળ પોલીસ દળમાં શિસ્ત, શારીરિક ફીટનેસ તથા ટીમ સ્પિરિટની ભાવના ખીલે તે હેતુથી રાજકોટ શહેર પોલીસ દ્વારા ડીજીપી કપ હેન્ડબોલ સ્પર્ધા - ૨૦૨૬-૨૭ નું તારીખ ૨૨/૦૮/૨૦૨૬ થી ૨૪/૦૮/૨૦૨૬ સુધી એમ કુલ ત્રણ દિવસ માટે હેન્ડબોલ ગ્રાઉન્ડ, પોલીસ હેડક્વાર્ટર, રાજકોટ શહેર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત રાજ્ય પોલીસ દળની પુરૂષોની ૮ તથા મહિલાઓની ૬ ટીમોએ આ હરિફાઈમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આકર્ષક હરીફાઈમાં પુરૂષ વિભાગની ફાઈનલ મેચ હથિયારી એકમો અને ગાંધીનગર રેન્જ વચ્ચે રમાઈ હતી, જેમાં હથિયારી એકમોએ ૧૮-૧૪ ગોલથી શાનદાર જીત મેળવી ચેમ્પિયન ટ્રોફી ઝૂંટવી લીધી હતી, જ્યારે ગાંધીનગર રેન્જ રનર્સ અપ રહી હતી અને તૃતીય સ્થાને બનાસકાંઠા રેન્જ રહી હતી. આ સમગ્ર ટુર્નામેન્ટમાં હથિયારી એકમોના રહિમ ઘાચી 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' જાહેર થયા હતા.

તે જ રીતે મહિલા વિભાગની ફાઈનલ મેચ અમદાવાદ શહેર અને રાજકોટ રેન્જ વચ્ચે યોજાઈ હતી, જેમાં અમદાવાદ શહેરે ૧૨-૦૯ ગોલથી શાનદાર વિજય મેળવી ચેમ્પિયનપદ મેળવ્યું હતું, જ્યારે રાજકોટ રેન્જ રનર્સ અપ રહી હતી અને ગાંધીનગર રેન્જ તૃતીય સ્થાને વિજયી બની હતી. આ રોમાંચક ટુર્નામેન્ટમાં અમદાવાદ શહેરના દિવ્યાબા પરમાર 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' બન્યા હતા.

હરીફાઈના સમાપન અને ક્લોઝિંગ સેરેમની પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજકોટ શહેર ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ટ્રાફિક) ડો. હરપાલસિંહ જાડેજા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) જગદીશ બાંગરવા, નાયબ પોલીસ કમિશ્નર (ઝોન-૧) હેતલ પટેલ તેમજ અન્ય તમામ એસીપીઓ અને પોલીસ ઈન્સ્પેક્ટરઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાજકોટ શહેરના ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીકે પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે તમામ ટીમના ખેલાડીઓએ ખૂબ મહેનત કરી ખેલદિલીની ભાવના સાથે રમત રમીને ઉત્તમ પ્રદર્શન કર્યું છે અને તમામ ખેલાડીઓની પ્રશંસા કરી અભિનંદન પાઠવ્યા હતા. વિજેતા થયેલા ખેલાડીઓને ભવિષ્યમાં પણ રમત-ગમતમાં આવા જ જુસ્સાથી રમવા શુભેચ્છા પાઠવતા તેમણે ઉમેર્યું હતું કે આગામી ડીજીપી કપમાં તમામ યુનિટો ભાગ લે, યુવા ખેલાડીઓ વધુમાં વધુ રસ લઈને આગળ આવે તેમજ ગુજરાત પોલીસના ખેલાડીઓ ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સ જેવી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાઓમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તેવી આશા વ્યક્ત કરી હતી. સમગ્ર હરીફાઈને સફળ બનાવવા માટે રાજકોટ શહેર પોલીસ ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હોવાનું પોલીસ હેડક્વાર્ટરના નોડલ અધિકારી અને મદદનીશ પોલીસ કમિશ્નર એમ.આઈ. પઠાણ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# જિ.પંચાયતની કારોબારીમાં ૪૦ કરોડના કામોને બહાલી

## ૬ મહિનાનાં વિરમ બાદ મળી બેઠક : પેન્ડિંગ અને નવા કામો મળી કુલ ૩૯.૬૩ કરોડના ખર્ચ ધરાવતી ૪૩ દરખાસ્તોને સર્વાનુમતે મંજૂરી

રાજકોટ, તા.૨૪

રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક છ મહિનાના લાંબા સમયગાળા બાદ યોજાઈ હતી. ગત ૧૭ ફેબ્રુઆરીએ યોજાયેલી બેઠક બાદ લોકસભા ચૂંટણી આચારસંહિતા અને નવા પદાધિકારીઓની નિયુક્તિ જેવા વિવિધ કારણોસર બેઠક યોજાઈ શકી નહોતી. જેના કારણે અડધા વર્ષથી વિવિધ વિકાસ કાર્યોની મંજૂરી અટકી પડી હતી અને દરખાસ્તોનો ખડકલો થયો હતો. નવા ચૂંટાયેલા શાસકોની આ પ્રથમ બેઠક અત્યંત શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી, જેમાં પેન્ડિંગ અને નવા કામો મળી કુલ ૩૯.૬૩ કરોડના ખર્ચ ધરાવતી ૪૩ દરખાસ્તોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

કારોબારી સમિતિના ચેરમેન નરશીભાઇ સોજીત્રાના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં સૌથી વધુ પ્રાધાન્ય બાંધકામ શાખાના કામોને આપવામાં આવ્યું હતું. બાંધકામ શાખાની કુલ ૨૭ દરખાસ્તો માટે ૨૮.૦૧ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે, જેમાં ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે ૫૨ નવી આંગણવાડી બિલ્ડિંગ, ૨૫ પંચાયત બિલ્ડિંગ અને ૧૩ રસ્તાના કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાં સિંચાઈની સુવિધા સુધારવાના હેતુથી સિંચાઈ શાખાના ૫ કામો માટે ૨.૧૪ કરોડ મંજૂર કરાયા હતા, જ્યારે અન્ય ૯ જેટલા વિવિધ વિકાસ કામો માટે ૯.૪૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી.

પંચાયતની કામગીરીને વધુ સુચારૂ અને આધુનિક બનાવવા માટે કાર્યાલયી સાધનોની ખરીદીને પણ બહાલી અપાઈ હતી. જેમાં મહેકમ શાખા માટે ૩ કમ્પ્યુટર સેટ ખરીદવા ૩.૫૦ લાખ અને વહીવટ શાખા માટે ૨ કમ્પ્યુટર સેટ ખરીદવા ૩ લાખની રકમ મંજૂર કરવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં કારોબારી અધ્યક્ષ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વિવિધ ખાતાના વડાઓ તેમજ કારોબારી સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. છ મહિનાથી અટકેલા કામોને એકસાથે લીલી ઝંડી મળતાં હવે જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વિકાસકાર્યો ફરી વેગ પકડશે.

### બાંધકામ અને સિંચાઈ શાખાના કામોને પ્રાધાન્ય

- કારોબારી સમિતિના ચેરમેન નરશીભાઇ સોજીત્રાના જણાવ્યા અનુસાર, બેઠકમાં સૌથી વધુ દરખાસ્તો બાંધકામ શાખાની હતી.
- બાંધકામ શાખા માટે કુલ ૨૭ દરખાસ્તો માટે ૨૮.૦૧ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. જેમાં ૫૨ આંગણવાડી ભવન, ૨૫ પંચાયત ભવન અને ૧૩ નવા રસ્તાના કામોનો સમાવેશ થાય છે.
- સિંચાઈ શાખામાં ગ્રામીણ વિસ્તારમાં સિંચાઈ સુવિધા મજબૂત કરવા માટે ૫ મહત્વના કામો અર્થે ૨.૧૪ કરોડ મંજૂર કરાયા છે.
- વહીવટી મંજૂરી અને અન્ય ૯.૪૦ કરોડના ખર્ચે થનારા ૯ વિકાસ કામોને વહીવટી મંજૂરી આપવામાં આવી છે.




# રક્ષાબંધન-જન્માષ્ટમી તહેવાર પર ૯,૫૦૦થી વધુ એક્સ્ટ્રા ટ્રીપો દોડાવાશે

## તહેવારોમાં મુસાફરોની સુવિધા માટે એસટી નિગમનો નિર્ણય : રાજકોટમાં ૬૬ નવી ટ્રિપ



રાજકોટ, તા. ૨૪

આગામી રક્ષાબંધન અને જન્માષ્ટમીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ વધતા જતા મુસાફરોના ટ્રાફિકને ધ્યાને રાખીને ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા રાજ્યભરમાં ખાસ એક્સ્ટ્રા બસો દોડાવવાનું ફાઇનલ આયોજન કરી લેવામાં આવ્યું છે. આ આયોજન હેઠળ રાજ્યભરમાંથી કુલ ૧૨૦૦ જેટલી અને એકલા રાજકોટ વિભાગમાંથી ૬૬ જેટલી વધારાની બસો રસ્તા પર ઉતારવામાં આવશે, જેથી તહેવારોમાં વતન કે યાત્રાધામોએ જતા લોકોને મુસાફરીમાં કોઈ તકલીફ ન પડે.

નિગમ દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૬માં રક્ષાબંધનના તહેવારો દરમિયાન તા. ૨૬ ઓગસ્ટથી તા. ૩૦ ઓગસ્ટ સુધી મુસાફરોના ઘસારાને પહોંચી વળવા માટે વિશેષ સંચાલન કરવામાં આવશે. આ પાંચ દિવસ દરમિયાન રાજ્યભરમાં કુલ ૬૫૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપો ચલાવવાનું નક્કી કરાયું છે. જેમાં મુખ્યત્વે અમદાવાદ, ગોધરા, વડોદરા, પાલનપુર અને નડિયાદ જેવા સેન્ટરો પરથી પાવાગઢ, પોરબંદર, વલસાડ, સુરત, રાજકોટ અને જૂનાગઢ જેવા મહત્વના સ્થળો માટે બસો દોડાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે રક્ષાબંધન પર રેગ્યુલર સર્વિસો ઉપરાંત ૬૪૦૨ એક્સ્ટ્રા ટ્રીપો દોડાવીને ૩.૩૩ લાખ મુસાફરોને પરિવહન સેવા પૂરી પાડવામાં આવી હતી.

મુસાફરોના ટ્રાફિકના પ્રમાણને ધ્યાનમાં રાખીને કુલ ૩૦૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરાયું છે. આ બસો મુખ્યત્વે અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, પાલનપુર અને મહેસાણા જેવા શહેરોમાંથી ઉપડીને દ્વારકા, ડાકોર, માધવપુર અને શામળાજી જેવા પ્રખ્યાત ધાર્મિક અને પ્રવાસન સ્થળો સુધી જશે. ગત વર્ષે જન્માષ્ટમી દરમિયાન નિગમે ૨૮૪૦ એક્સ્ટ્રા ટ્રીપો દ્વારા ૧.૪૩ લાખ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડ્યા હતા, જ્યારે આ વર્ષે તેનાથી પણ વધુ ટ્રીપો સાથે સુચારુ સંચાલન કરવાની પૂરી તૈયારી કરી લેવામાં આવી છે.

## જનરલ બોર્ડમાં અધિકારીઓના ગોળ ગોળ જવાબોથી મેયર નારાજ

# કમિશનરનો ૭ દિવસમાં સંપૂર્ણ માહિતી આપવા કડક પરિપત્ર



રાજકોટ, તા. ૨૪

મનપાની જનરલ બોર્ડની સભામાં નગરસેવકો દ્વારા પૂછવામાં આવેલા લોકહિતના પ્રશ્નોના જવાબો અધિકારીઓ દ્વારા અસ્પષ્ટ અને ગોળ ગોળ આપવામાં આવ્યા હોવાની બાબત સામે આવી છે. આ અંગે મેયર નેહલ શુકલ સહિતના પદાધિકારીઓએ ચાલુ સભામાં જ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. શાસકોની આ નારાજગી બાદ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ તાત્કાલિક અસરથી તમામ શાખા અધિકારીઓ માટે એક કડક પરિપત્ર બહાર પાડ્યો છે. બોર્ડના દિવસે જ કમિશનરનો ત્વરિત હુકમ જનરલ બોર્ડની સભા દરમિયાન જ મેયર નેહલ શુકલએ અધિકારીઓની કામગીરી અને આપેલા અસ્પષ્ટ જવાબો સામે અસંતોષ દર્શાવ્યો હતો. જેને ગંભીરતાથી લઈને કમિશનર તુષાર સુમેરાએ બોર્ડના દિવસે જ નવો આદેશ જારી કર્યો હતો.

જનરલ બોર્ડમાં આપવામાં આવેલા જવાબ ઉપરાંત જો કોઈ સભ્ય વધુ વિગત કે વધારાની માહિતીની માંગણી કરે, તો શાખા અધિકારીએ તમામ સંપૂર્ણ માહિતી તૈયાર કરીને ૭ દિવસની અંદર સંબંધિત સભ્યને અચૂક મોકલી આપવાની રહેશે. આ પરિપત્રનો તત્કાલ અમલ કરવાનો કડક આદેશ આપવામાં આવ્યો છે, જેથી આગામી સમયમાં નગરસેવકોના પ્રશ્નો પ્રત્યે અધિકારીઓની બેદરકારી નિવારી શકાય. નગરસેવકો દ્વારા રજૂ કરવામાં આવતા પ્રશ્નો લોકોના હિત સાથે જોડાયેલા હોય છે. શાખા અધિકારીઓએ આ પ્રશ્નોના માત્ર તથ્યલક્ષી અને મુદ્દાસર જવાબો જ તૈયાર કરવાના રહેશે, જેથી બોર્ડમાં યોગ્ય ચર્ચા થઈ શકે.

# સંસ્કૃતમય બનશે રાજકોટ : 'સંસ્કૃત ગૌરવ યાત્રા' યોજાશે

## ન્યુ એરા સ્કૂલથી જિલ્લા પંચાયત ચોક સુધીના રૂટ પર વેદમંત્રો, ગરબા અને સાંસ્કૃતિક ઝાંખીઓ સાથે ગુંજશે 'સંસ્કૃત ગૌરવ યાત્રા'નો નાદ

રાજકોટ તા. ૨૪

સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને વૈભવને ઉજાગર કરવાના હેતુથી રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી-રાજકોટના સંયુક્ત ઉપક્રમે આજે રાજકોટના રૈયા રોડ સ્થિત ન્યુ એરા સ્કૂલથી જિલ્લા પંચાયત ચોક સુધી 'સંસ્કૃત ગૌરવ યાત્રા'નું આયોજન કરાયું છે. જે નિમિત્તે કલેક્ટર ડો. ઓમ પ્રકાશ દ્વારા તમામ રાજકોટવાસીઓને આ યાત્રામાં સહભાગી બનવા નિમંત્રણ પાઠવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા આજથી ૩૧ ઓગસ્ટ સુધી 'સંસ્કૃત સપ્તાહ સમારોહ-૨૦૨૬'નું



આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત રાજકોટ ખાતે યોજનાર આ ગૌરવ યાત્રામાં સંસ્કૃત ભાષાના વારસાને પ્રદર્શિત કરતા ૧૦ ટેબ્લો, સંસ્કૃત ગીતો, વેદમંત્રો, સુભાષિતો, સંસ્કૃત ગરબા તેમજ વિવિધ સંસ્કૃત સૂક્તિઓના બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે. શહેરની વિવિધ શાળાઓ અને મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓ પણ મોટા પ્રમાણમાં જોડાઈને સમગ્ર શહેરને સંસ્કૃતમય બનાવશે.

ગુજરાત સરકાર અને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા 'યોજના પંચકમ્' થકી વિદ્યાર્થીઓ તેમજ ઘર-ઘર સુધી સંસ્કૃત ભાષાનો પ્રચાર-પ્રસાર પહોંચે તે માટે આ યાત્રાનું આયોજન કરાયું છે. 'યોજના પંચકમ્' અંતર્ગત સંસ્કૃત સપ્તાહ સમારોહ, સંસ્કૃત સંવર્ધન સહાય યોજના, સંસ્કૃત પ્રોત્સાહન યોજના, શ્રીમદ્ ભગવદ્ ગીતા યોજના, શતસુભાષિત કંઠપાઠ યોજનાને આવરી લેવામાં આવશે.

## ૧૪ ગામોના ખેડૂતોનું જમીન સંપાદન સામે ઉગ્ર આંદોલનનું શંખનાદ

# રીબડા-હીરાસર ૬-લેન ગ્રીનફીલ્ડ પ્રોજેક્ટ સામે રોષ

રાજકોટ, તા. ૨૪

રાજકોટ નજીક આવેલા રીબડાથી હીરાસર એરપોર્ટને જોડતા પ્રસ્તાવિત ગ્રીનફીલ્ડ સિક્સલેન શેડ પ્રોજેક્ટ સામે સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ અને આક્રોશ ભભૂકી ઊઠ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ તાલુકાના અણીયારા સહિત ૧૪ જેટલા ગામોની આશરે ૧૮૦૦ વીઘા ખેતીની ફળદ્રુપ જમીન સંપાદિત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેનાથી ૧૦૦૦થી ૧૫૦૦ જેટલા ખેડૂત પરિવારો સીધી રીતે અસરગ્રસ્ત થઈ રહ્યા છે. આ સમગ્ર મુદ્દે રાજકોટ તાલુકા પંચાયતના સદસ્ય નિશીથ ખૂંટ તેમજ અણીયારા ગામના સરપંચ નારણભાઇ ખેરની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં ખેડૂતો કલેક્ટર કચેરી ખાતે એકઠા થયા હતા. તેમણે જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશને આવેદનપત્ર આપી જમીન સંપાદનની આકરી પ્રક્રિયા સામે સખત વાંધો નોંધાવ્યો હતો. અણીયારા ગામના જ ૫૫ ખેડૂતોની ૧૮૦ વીઘા જમીન આ પ્રોજેક્ટમાં જઈ રહી છે, જેની સામે જમીન સંપાદન અધિકારીને પણ વાંધા અરજી સુપ્રત કરવામાં આવી છે.

રજૂઆતકર્તાઓએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત ૯૦% ખેડૂતો સંપૂર્ણપણે ખેતી પર જ નભે છે અને તેમની પાસે કમાણીનો અન્ય કોઈ વિકલ્પ નથી. રોડ ખેતરોની વચોવચથી પસાર થતો હોવાથી જમીનના બે ટુકડા થઈ જશે. બંને બાજુ બાકી રહેતા નાના ટુકડાઓ આકાર અને કદમાં એટલા અણઘડ બની જશે કે ભવિષ્યમાં ત્યાં ખેતી કરવી કે અન્ય કોઈ ઉપયોગ કરવો શક્ય રહેશે નહીં.



સ્ટે મેળવવા અને ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી છે. ખેડૂત આગેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો તંત્ર દ્વારા તેમની વાજબી માંગણીઓનો સ્વીકાર કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સ્થાનિક ધારાસભ્ય અને સાંસદ સમક્ષ રજૂઆત કરવામાં આવશે. જરૂર પડીએ હાઈકોર્ટમાંથી સ્ટે ઓર્ડર મેળવવાથી લઈને ઉગ્ર આંદોલનત્મક માર્ગ અપનાવવાની પણ ખેડૂતોએ તૈયારી દર્શાવી છે.

ખેડૂતોએ જમીન સંપાદન સામે આક્રોશ વ્યક્ત કરતા વ્યાજબી વળતરની માંગ સાથે વર્તમાન બજારભાવ અને જમીનના વિભાજનથી થતા નુકસાનનું યોગ્ય આંકલન કરવાની સ્પષ્ટ રજૂઆત કરી છે. આ સાથે ખેતરમાં આવેલા બોર, કૂવા, વૃક્ષો, પાઈપલાઈન અને વીજ જોડાણો જેવી મિલકતોનું પણ અલગથી મૂલ્યાંકન કરીને યોગ્ય વળતર આપવા માંગ કરી છે. સંપાદન પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા જળવાય તે માટે નેશનલ હાઈવે ઓથોરિટી, મહેસૂલ તંત્ર, ખેડૂત હિત રક્ષક સમિતિ અને જમીન માલિકની સંયુક્ત હાજરીમાં વિડીયોગ્રાફી સાથે માપણી કરવાની પણ માંગણી મુકાઈ છે. ખેડૂતોના દૈનિક આવાગમનમાં કોઈ બાધા ન આવે તે માટે ૪/૬ લેન રોડ જમીન સપાટીએ રાખવા અને નેશનલ હાઈવે એક્ટ ૧૯૫૬ની કલમ ૩ઈ(૧) મુજબ દરેક ખેડૂતને વ્યક્તિગત સુનાવણીનો મોકો આપી, આગામી ૨૦ વર્ષના ભાવવધારાને ધ્યાને રાખીને જ વળતર નક્કી કરવાની સખત માંગ કરવામાં આવી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ગજબ ચસ્કો !

## દારુ સામે તંત્ર કડક છતાં દેશી -વિદેશીનો ઘુઘવાટ



ગુજરાતમાં લઠ્ઠાકાંડના કારણે મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. આ ગંભીર ઘટનાને પગલે રાજ્ય સરકારની શાખ અને પ્રતિષ્ઠા પર મોટી આડઅસર પહોંચી છે. શાસનની આબરુ સામે સીધો સવાલ સર્જાતાં જ રાજ્ય તંત્ર દ્વારા ગેરકાયદે દારુ સામે રાજ્યવ્યાપી કડકાઈ દાખવવાની ફરજ પડી છે.

જોકે, તંત્રની ધાકનો સ્પષ્ટ અભાવ દેખાઈ રહ્યો છે, જેના લીધે ગેરકાયદે નશાનું કાળું માર્કેટ હજુ પણ ધૂમ મચાવી રહ્યું છે. પોલીસની દરોડાની કાર્યવાહી છતાં અસામાજિક તત્વો બેફામ બનીને નશીલા પદાર્થોનું વેચાણ કરી રહ્યા છે.

માત્ર મોટા માથાં કે ધનિક વર્ગ જ નહિ, પણ નીચલા વર્ગના સામાન્ય નશેડીઓ પણ દારૂ પીને જાહેર માર્ગો પર ડીંગલ કરતા અને રખડતા નજરે પડે છે. આ પરિસ્થિતિ સ્પષ્ટપણે દર્શાવે છે કે દારુ સામે સરકારની રાજ્યવ્યાપી ઝૂંબેશની કોઈ વિશેષ કે અસરકારક પરિણામી અસર જોવા મળતી નથી. કાગળ પરની કડકાઈ અને જમીની હકીકત વચ્ચે મોટો તફાવત વર્તાઈ રહ્યો છે.

દેશી દારુ પીનારાઓને જો આસાનીથી પીવાનુ મળી જતું હોય, તો તેનો સીધો અર્થ એ થાય છે કે રાજ્યમાં ક્યાંક ભઠ્ઠીઓ ધમી રહી છે, દારૂ બની રહ્યો છે અને કોઈક તેનું બેરોકટોક વેચાણ પણ કરી રહ્યું છે. બુટલેગરો અને અસામાજિક નેટવર્કથી તંત્ર સંપૂર્ણપણે અજાણ હોય તેવી કોઈ સંભાવના જણાતી નથી. સ્થાનિક સ્તરે હપ્તાખોરી અને અંદરોઅંદરની મિલીભગતને કારણે આ ગેરકાયદે દારૂનો વેપાર ફાલીફૂલી રહ્યો છે.

નશેડીઓને નશાનો ચસ્કો એવો લાગ્યો છે કે, નશેડી ગમે ત્યાંથી ગલી-કૂંચીઓમાંથી દારૂની કોથળી મેળવી જ લે છે. બીજી તરફ, ગેરકાયદે પ્રવૃત્તિઓ મૂળમાંથી ડામવા માટે તંત્રનો ઈરાદો પણ મજબૂત અને દ્રઢ લાગતો નથી. માત્ર ચોક્કસ ઘટનાઓ બને ત્યારે જ થોડા દિવસો માટે પોલીસ સક્રિય બને છે અને પાછળથી સ્થિતિ પૂર્વવત થઈ જાય છે.

આગામી સમયમાં માથે તહેવારો આવી રહ્યા છે. આવા સમયે નશાખોરી અને પીવાનું પ્રમાણ વધી જતું હોય છે. બુટલેગરો પણ તહેવારોનો લાભ ઉઠાવીને મોટા પ્રમાણમાં માલ ઉતારવાની તાકમાં હોય છે.

આવી સ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવી, દારૂબંધીનો કડક અમલ કરાવવો તેમજ સરકાર માટે પોતાની કથળતી ઈમેજ સુધારવી એ એક અત્યંત મોટો અને કઠિન પડકાર બની ગયો છે. જો તંત્ર હવે પણ નક્કર પગલાં નહીં ભરે તો પરિસ્થિતિ વધુ વણસશે.

# ૩૭ માંથી ૨૧ યોજનાઓ પર એક પણ રૂપિયો ભાજપે ખર્ચ્યો નથી

## ગેહલોતે ભાજપ સરકાર પર નિશાન સાધ્યું : CAG રિપોર્ટનો હવાલો આપીને ભાજપ સરકાર પર પ્રહાર

નવીદિલ્હી, તા.૨૪

રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે સોમવારે કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના અહેવાલને ટાંકીને આરોપ લગાવ્યો હતો કે લગભગ ₹૩,૦૦૦ કરોડના બજેટ ફાળવણી છતાં બાળકો, છોકરીઓ અને મહિલાઓ માટેની ૩૭ યોજનાઓમાંથી ૨૧ યોજનાઓ હેઠળ કોઈ ખર્ચ થયો નથી. ગેહલોતે જણાવ્યું હતું કે આ યોજનાઓ રાજ્યના ૧૦ મિલિયનથી વધુ બાળકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓને સીધા લાભ આપવા માટે બનાવવામાં આવી હતી. કોંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે CAG રિપોર્ટે વિધાનસભા સમક્ષ ભારતીય જનતા પાર્ટી (BJP) સરકાર વિશે વધુ એક શરમજનક સત્યનો પર્દાફાશ કર્યો છે. બાળકો, છોકરીઓ અને મહિલાઓ માટેની ૩૭ યોજનાઓમાંથી, તેમાંથી ૨૧ યોજનાઓ પર એક પણ રૂપિયો જમીન પર ખર્ચવામાં આવ્યો નથી.

અહેવાલને ટાંકીને, અશોક ગેહલોતે દાવો કર્યો હતો કે કાલીબાઈ ભીલ સ્કૂટી યોજના હેઠળ ફાળવવામાં આવેલા ₹૨૧.૬૧ કરોડ, મા-બાદી કેન્દ્રોના નિર્માણ માટે ₹૬ કરોડ અને શિક્ષણ અધિકાર કાયદા હેઠળ ખાનગી શાળાની ફીની ભરપાઈ માટે ₹૫૫.૩૧ કરોડ વણખર્ચાયેલા રહ્યા. ગેહલોતે વધુમાં દાવો કર્યો હતો કે કોલેજ જતી છોકરીઓ અને મહિલાઓ માટેની નવ યોજનાઓમાંથી કોઈ પણ યોજના હેઠળ કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી, જેમાં લાડલી સુરક્ષા યોજના અને ત્યજી દેવાયેલી મહિલાઓ માટે પેન્શન યોજનાનો સમાવેશ થાય છે.

ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો હતો કે ભાજપ સરકાર અગાઉની કોંગ્રેસ સરકાર દ્વારા શરૂ કરાયેલી જાહેર કલ્યાણકારી યોજનાઓને ''અનિયંત્રિત રીતે બંધ'' કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે એવો પણ પ્રશ્ન કર્યો હતો કે જો સરકારે આ યોજનાઓ માટે જાહેર કરાયેલી ફાળવણી ચાલુ રાખવાનો નિર્ણય લીધો હોય, તો તેનો ઉપયોગ કેમ કરવામાં આવ્યો નથી. ''આ બેદરકારી નથી, પરંતુ બાળકો, પુત્રીઓ અને મહિલાઓ સાથે સ્પષ્ટ વિશ્વાસઘાત છે,'' કોંગ્રેસ નેતાએ આરોપ લગાવ્યો હતો. ગેહલોતે દાવો કર્યો હતો કે કોલેજ જતી છોકરીઓ અને મહિલાઓ માટેની નવ યોજનાઓમાંથી કોઈ પણ યોજના હેઠળ કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી, જેમાં લાડલી સુરક્ષા યોજના અને ત્યજી દેવાયેલી મહિલાઓ માટે પેન્શન યોજનાનો સમાવેશ થાય

# લશ્કર-એ-તૈયબા ઘડી રહી છે નવી રણનીતિ

## યુવાનોને એકત્ર કરવા માટે સિંધમાં પ્રવૃત્તિઓ વધારી

નવીદિલ્હી, તા. ૨૪

પાકિસ્તાનમાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT) ની પ્રવૃત્તિઓ સતત વધી રહી છે. આ સંગઠન પાકિસ્તાનમાં પોતાનું નેટવર્ક વધારી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જુલાઈના છેલ્લા અઠવાડિયામાં, લશ્કરના ઉપ-મુખ્ય સૈફુલ્લાહ કસુરી અને અબ્દુલ રૌફે સિંધની ગુપ્ત મુલાકાત લીધી હતી. બંને પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા કડક સુરક્ષા હેઠળ હતા. સૂત્રોનો દાવો છે કે તેમને બુલેટપ્રૂફ વાહનોમાં લઈ જવામાં આવ્યા હતા. સિંધમાં લશ્કરના સ્થાનિક વડા ફૈઝલ નદીમ સાથેની ઘણી બેઠકો વિશે પણ માહિતી બહાર આવી છે. આ બેઠકોમાં સ્થાનિક કમાન્ડરો અને ઈજીઈ સાથે સંકળાયેલા વ્યક્તિઓ સાથેની બેઠકોનો પણ સમાવેશ થાય છે. સૂત્રો કહે છે કે મુલાકાતનો હેતુ યુવાનોની ભરતી કરવાનો અને લશ્કરની પ્રવૃત્તિઓમાં જોડાવાનો હતો.



લશ્કર-એ-તૈયબા વિદ્યાર્થીઓ, યુવાનો અને મહિલાઓની ભરતી કરીને ઝડપથી તેનું નેટવર્ક વધારી રહ્યું છે. આતંકવાદી હાફિઝ સઈદના નેતૃત્વમાં, સંગઠન તેના રાજકીય મોરચા, પાકિસ્તાન સેન્ટ્રલ મુસ્લિમ લીગ અને વિવિધ મોરચા સંગઠનો દ્વારા દેશમાં તેની પકડ મજબૂત કરી રહ્યું છે. પાકિસ્તાન સેન્ટ્રલ મુસ્લિમ લીગ દ્વારા રાજકીય પ્રવૃત્તિઓના વિસ્તરણ અંગે પણ ચર્ચાઓ થઈ છે. અહેવાલો અનુસાર, છેલ્લા છ મહિનામાં સિંધમાં લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા સાતથી વધુ નવા કેન્દ્રો અને મસ્જિદો ઉભરી આવ્યા છે. સંગઠનના નેટવર્કને વિસ્તૃત કરવા માટે નોંધપાત્ર ભંડોળ ખર્ચવામાં આવી રહ્યું હોવાની પણ માહિતી છે. આ પ્રશ્ન ઉભો કરે છેઃ પ્રતિબંધિત આતંકવાદી સંગઠનનું નેટવર્ક સતત વધતું જાય છે ત્યારે પાકિસ્તાની એજન્સીઓ શું કરી રહી છે? શું લશ્કર, તેની સામે કાર્યવાહી કરવાને બદલે, તેને ફરીથી ઉભરી આવવાની તક આપવામાં આવી રહી છે?

૨૬/૧૧ ના મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદના નેતૃત્વ હેઠળ, લશ્કર-એ-તૈયબા વિદ્યાર્થીઓ, યુવાનો અને કામદારો માટે વિશિષ્ટ સંગઠનો સ્થાપી રહ્યું છે. લશ્કર-એ-તૈયબા ભારતમાં મોટા પાયે આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ છે. આ આતંકવાદી સંગઠન અને તેના નેતા, હાફિઝ સઈદ, પર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પરિણામે, આ આતંકવાદી સંગઠન ઉપનામ હેઠળ આતંકવાદી પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. વૈશ્વિક તપાસથી બચવા માટે, લશ્કર-એ-તૈયબા તેની રાજકીય પાંખ, પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગ (PMML) નો ઉપયોગ એક મોરચા તરીકે કરે છે. બહારના લોકો માટે, તે એક રાજકીય પક્ષ હોય તેવું લાગે છે જેનો લશ્કર-એ-તૈયબા સાથે કોઈ સંબંધ નથી. આમ છતાં, ઁખખક ની રેલીઓમાં લશ્કરના ઘણા અગ્રણી આતંકવાદીઓ જોવા મળે છે. લશ્કરે હવે સર્વેલન્સ એજન્સીઓની તપાસથી બચીને પોતાનું નેટવર્ક વધારવા માટે એક નવી રણનીતિ અપનાવી છે. આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા પાકિસ્તાનમાં ઝડપથી પોતાનું નેટવર્ક વધારી રહ્યું છે. સૈફુલ્લાહ કસુરી જેવા ટોચના નેતાઓએ સિંધની મુલાકાત લીધી છે, જ્યાં તેમને સમર્થન મળ્યું છે. લશ્કર વિદ્યાર્થીઓ અને યુવાનોની ભરતી કરી રહ્યું છે.

## ૨૦૩૬ ઓલિમ્પિક માટે રોડમેપ તૈયાર કરવામાં આવશે

# મોદી ૨૭ મીએ 'ઉભરતા ખેલાડીઓ' સાથે કરશે વાતચીત

નવીદિલ્હી, તા. ૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી માટે ''ખેલો ઈન્ડિયા સંવાદ ખેલ કી બાત, પીએમ કે સાથ'' રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમના ભાગ રૂપે દેશના યુવાનો અને રમતવીરોને વર્ચ્યુઅલી સંબોધિત કરશે. આ કાર્યક્રમ માટે તૈયારીઓ ચાલી રહી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રમતગમત ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા, ૨૦૩૬ ઓલિમ્પિક્સ માટે પ્રતિભા રોડમેપ વિકસાવવા અને શાસનમાં યુવાનોની ભાગીદારી વધારવાનો છે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે કાર્યક્રમ દરમિયાન ૧,૫૦૦ સ્થળોએ વિદ્યાર્થીઓને જોડવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે ઈઈઝ, ઈઈખ અને યુનિવર્સિટીઓ સામેલ થશે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રધાનમંત્રી ઉભરતા યુવાનો સાથે વાત કરવાનો અને ૨૦૩૬ ઓલિમ્પિક્સ માટે પ્રતિભા પસંદ કરવા માટે રોડમેપ વિકસાવવાનો છે.

કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મોદી સરકારની ૧૨ વર્ષની રમતગમત સિદ્ધિઓ દર્શાવતું પ્રેઝન્ટેશન બતાવવામાં આવશે. પ્રખ્યાત ભારતીય રમતવીરો પણ યુવાનોને સંબોધિત કરશે. બધા અગ્રણી રમતવીરો પોતપોતાના જિલ્લામાં જોડાશે. આ કાર્યક્રમ દરમિયાન, દરેક વ્યક્તિ પોતાના સંઘર્ષના અનુભવો શેર કરશે. માંડવિયાએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં જોડાશે અને યુવાનોને વર્ચ્યુઅલી સંબોધિત કરશે. ચેમ્પિયન બનવાની શરૂઆત મોટા સ્ટેડિયમથી નહીં, પરંતુ નાના ગામમાં થાય છે. આ સંદેશ યુવાનોને વધુ સારી રીતે પહોંચાડવામાં આવશે. રમતગમત મંત્રી મનસુખ માંડવિયા ઈઈઝ દિલ્હીની મુલાકાત લેશે. મંત્રીએ કહ્યું કે આ કાર્યક્રમ દ્વારા, અમે દેશના રમતગમત પ્રત્યે સંવેદનશીલ યુવાનો અને ભારતના નીતિ નિર્માતાઓ વચ્ચે સીધો સંવાદ બનાવવાનો મોટો પ્રયાસ કરીશું, જ્યાં તેઓ તેમના મંતવ્યો શેર કરશે.

આ કાર્યક્રમ રમતગમત અને યુવા વિકાસ સંબંધિત ચાર મુખ્ય વિષયો પર યુવાનોના મંતવ્યો, સૂચનો અને નવા વિચારો માંગશે. આમાં રમતગમત પ્રણાલીને મજબૂત બનાવવા અને પાયાના સ્તરે વધુ સારી રમતગમત સુવિધાઓ, તાલીમ અને તકો પૂરી પાડવાનો સમાવેશ થાય છે. આ સૂચનો કાર્યક્રમ દ્વારા સીધા નીતિ નિર્માતાઓ અને રમતગમત સંબંધિત સંસ્થાઓ સુધી પહોંચાડવામાં આવશે, જેથી પાયાના સ્તરે યુવાનોના અનુભવો, જરૂરિયાતો અને આકાંક્ષાઓને નીતિ નિર્માણ પ્રક્રિયામાં સમાવિષ્ટ કરી શકાય. આ કાર્યક્રમ રમતગમત પ્રેમી યુવાનો અને ભારતના નીતિ નિર્માતાઓ વચ્ચે સીધો સંવાદ સ્થાપિત કરવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે, જે તેમને તેમના વિચારો, અનુભવો અને સૂચનો શેર કરવાની તક પૂરી પાડે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રમતગમતની ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા, ૨૦૩૬ ઓલિમ્પિક્સ માટે પ્રતિભાનો રોડમેપ વિકસાવવા અને શાસનમાં યુવાનોની ભાગીદારી વધારવાનો છે. ૨૭ ઓગસ્ટ, રાષ્ટ્રીય રમતગમત દિવસના રોજ, ''ખેલો ઈન્ડિયા ડાયલોગ'' યુવાનો અને રમતવીરોને સંબોધિત કરશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ૨૦૩૬ ઓલિમ્પિક્સ માટે રોડમેપ વિકસાવવા અને રમતગમતની ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાનો છે.




## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શીર્ષક- વાંચન વિશેષ.

## રુદ્રાક્ષ એ શિવનો જ મંગલમય વિગ્રહ છે, છતાં એક થી ચૌદ મુખવાળા રુદ્રાક્ષનું મહાત્મ્ય અલગ છે.



અત્યારે શ્રાવણ માસ ચાલી રહ્યો છે, અને લોકમાનસમાં ભક્તિનાં મોજા અપરંપાર વેગે ઉછળી રહ્યાં છે. શિવનાં સ્વરૂપ વિશે અને તેની સાધના વિશે તેમજ સમગ્ર સૃષ્ટિના સર્જનમાં જેની મહત્વની ભૂમિકા છે, એ જ શિવ છે. શિવપુરાણ વાંચ્યા પહેલાં શિવ સંહારનાં દેવ છે, અને ત્રીજી આંખ ખોલે એટલે પૃથ્વી પર પ્રલય આવે છે, સૌને એવી જાણકારી હતી. પણ ભગવાન શિવ ભોલેનાથ તો અનુગ્રહનાં દેવ છે, અને એ માટે જીવની નિયતિ, કે નીતિને ઓવરટેક કરી નેતિમાં સ્થિત છે, નેતિ એટલે કે આપણે જેનો પાર પામી શકતા નથી. શિવપુરાણ મુજબ જીવ પર અનુગ્રહ કરવા માટે ખુદ શિવતત્વ પોતાનું ચરિત્ર વર્ણવે છે, અને સ્વયં પરમેશ્વર શિવ પોતાનાં વિષાદનું વર્ણન કરે છે. શિવ પૂજામાં રુદ્રાક્ષનું ખૂબ જ મહત્વ છે, અને ભગવાન ભોળાનાથને અત્યંત પ્રેય એવાં રુદ્રાક્ષનું મહાત્મય આપણે એનાં મુખે જાણીએ.

એકવાર ભગવાન શિવે પાર્વતી સમક્ષ પોતાને અત્યંત પ્રિય એવાં રુદ્રાક્ષનું મહિમા ગાન કર્યું, અને કહ્યું મેં સુંદર સૃષ્ટિની રચના કરી, અને આ સૃષ્ટિને ઉપભોગ કરી શકે, એ માટે પ્રાણીઓની પણ રચના કરી, છતાં ભગવાન શિવને સંતોષ થયો નહીં, અને એણે એક ઉત્તમ જીવની રચના કરી. એટલે કે તે આ સૃષ્ટિમાં રમણ કરીને બુદ્ધિથી તેનો ઉપભોગ કરી આનંદની વૃદ્ધિ કરી પ્રેમ એટલે કે પરિવારનો વિસ્તાર કરી પોતાનાં જેવાં જ પ્રેમાળ જીવો પેદા કરે. કાળ પર કાળ વિતતા ગયાં, અને જીવ એટલે કે માનવીની માનસિકતા પણ બદલાતી ગઈ!; એનાં અંતરમાંથી સંતોષ એ જ પરમસુખ છે, એ સત્ય ભૂસાતું ગયું, અને પ્રેમ પૂર્વક પરમ તત્વનો આભાર માનવો જોઈએ,એની ભક્તિ કરવી જોઈએ,એની બદલે મારુ મારું શરું થયુ, અને સત્તા માટે યુદ્ધ, સંઘર્ષ અથવા તો ઈર્ષા, નિંદા, લોભ, હિંસા, આ બધાં ભાવોની વૃદ્ધિ થઈ, અને આ બધું જોઈ ભગવાન શિવનું મન ક્ષુબ્ધ થઈ ગયું! કે અરરર આ શું થઈ રહ્યું છે! મેં શું વિચારીને આ સૃષ્ટિનું સર્જન કર્યું હતું? સૌથી વધુ દુઃખ એને એ વાતનું હતું કે જીવ, એટલે કે માનવી કર્તા બની કર્મ જાળમાં ફસાતો જાય છે, અને પાપ પુણ્યનાં આ લેખાંજોખાં કેટલાં આકરાં હોય છે, એનો એને અંદાજ નથી! ભક્તિ કે મુક્તિ માટે વિચારતાં નથી એ કેવળ ભોગ માટે જ વિચારે છે! અને એ પણ સમજ્યાં પરંતુ ભોગ માટે એ કંઈ પણ કરી શકે એટલી હદે કાળનો પ્રભાવ વધતો જાય છે! સદા સમાધિમાં સ્થિર રહેનાર હું લીલાવશ થયો, અને મેં બે આંખો ખોલી, અરરર મારાં ભક્તોનું શું થશે? એવી વ્યાધિ થઈ, અને આમ એની આંખમાંથી આંસુ પડ્યું! અને ત્યાં એક વૃક્ષ ઉગ્યું એ વૃક્ષ એટલે રુદ્રાક્ષનું વૃક્ષ અને એનાં ફળને રુદ્રાક્ષ કહેવામાં આવે છે, આ ઉત્તમ રુદ્રાક્ષ અસહ્ય પાપ સમુહનું ભેદન કરે છે, અને શ્રુતિ ઓનાં પ્રેરક છે. આમ માનવી પર કર્મ જાળની મુક્તિની માટે રુદ્રાક્ષ રુપે આપણને શિવ કૃપા પ્રાપ્ત થઈ. રુદ્રાક્ષની જ જાતિનાં શુભાક્ષ પણ છે, રુદ્રાક્ષમાં પણ વર્ણ પ્રેરક વાત છે, જેમાં આપણે જવું નથી. પરંતુ કદ અને આકારમાં મોટાં આમળા જેવડા, તેમજ બોર જેવડાં, અને એનાથી પણ નાનાં ચણોઠી જેવડાં, રુદ્રાક્ષની વાત શિવ પુરાણમાં છે. શિવ પાર્વતીની પ્રસન્નતા ઈચ્છનાર કે શિવલોકમાં સ્થાનની ઈચ્છા ધરાવનારે રુદ્રાક્ષ અવશ્ય ધારણ કરવાં, અને એનાથી જાપ કરવાનો મહિમા પણ છે.

આમળા જેવડાં મોટાં રુદ્રાક્ષ સમસ્ત અરીષ્ટોનાં વિનાશક છે, બોર જેવડા રુદ્રાક્ષ ઉત્તમ ફળપ્રદાયક અને સુખ સૌભાગ્યની વૃદ્ધિ કરનારાં છે. તેમજ ચણોઠી જેવડા નાનાં રુદ્રાક્ષ સંપૂર્ણ મનોરથ અને ફળોની સિદ્ધિ કરવાવાળા છે. રુદ્રાક્ષ જેમ જેમ નાનાં હોય તેમ તેમ અધિક ફળ આપનારા હોય છે, એક મોટા રુદ્રાક્ષથી નાનાં રુદ્રાક્ષને વિદ્વાનોએ દસ ગણું અધિક ફળ આપનારા માન્યાં છે. પાપનો નાશ કરવા માટે રુદ્રાક્ષ ધારણ કરવા જરૂરી છે. ઈચ્છિત મનોરથનો સાધક હોય, તેણે રુદ્રાક્ષ અવશ્ય ધારણ કરવો જોઈએ. રુદ્રાક્ષની માળા બનાવીને ધારણ કરવાનું પણ મહત્વ છે. માથા પર ઈશાન મંત્રથી, કાનમાં તત્પુરુષ મંત્રથી, ગળા અને હૃદયમાં અઘોર મંત્રથી, રુદ્રાક્ષ ધારણ કરવાં જોઈએ. વિદ્વાન પુરુષ બંને હાથમાં અઘોર બીજ મંત્રથી રુદ્રાક્ષ ધારણ કરે છે!ઃ અઘોર પંથમાં ત્રણ પાંચ અથવા સાત રુદ્રાક્ષની માળાઓ ધારણ કરે. બ્રહ્મચારી વાનપ્રસ્થ ગૃહસ્થ અને સંન્યાસી બધાએ નિયમપૂર્વક રુદ્રાક્ષ ધારણ કરવો ઉચિત છે. રુદ્રાક્ષ મારો મંગલમય શ્રીવિગ્રહ છે, અને એને ધારણ કરનાર એનું ઉત્તમ ફળ મળે છે.

રુદ્રાક્ષનાં અનેક પ્રકાર બતાવ્યાં છે. એક મુખવાળો રુદ્રાક્ષ સાક્ષાત શિવનું સ્વરૂપ છે, જ્યાં રુદ્રાક્ષની પૂજા થતી હોય, ત્યાંથી લક્ષ્મી દૂર જતી નથી, અને એ સ્થાનનાં બધા જ ઉપદ્રવો નષ્ટ થઈ જાય છે. બે મુખ વાળો રુદ્રાક્ષ દેવ દેવેશ્વર કહેવાયો છે, તે સંપૂર્ણ કામનાઓનું ફળો આપનાર છે. ત્રણ મુખવાળો રુદ્રાક્ષ સદા સાક્ષાત સાધનનું ફળ આપનાર છે, જેનાં પ્રભાવથી બધી વિદ્યાઓ પ્રતિષ્ઠિત થઈ જાય છે. ચાર મુખ વાળો રુદ્રાક્ષ સાક્ષાત બ્રહ્માનું સ્વરૂપ છે, તે દર્શન અને સ્પર્શથી ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારેય પુરુષાર્થનું ફળ આપનાર છે. પાંચ મુખ વાળાં રુદ્રાક્ષ સાક્ષાત રુદ્ર રૂપ છે, તે સર્વ કાંઈ કરવાં સમર્થ છે, સર્વને મુક્તિપ્રદ અને સંપૂર્ણ મનોવાંશિક ફળ પ્રદાન કરે છે. પંચમુખી રુદ્રાક્ષ સમસ્ત પાપને દૂર કરે છે. છ મુખી રુદ્રાક્ષ કાર્તિકેય સ્વરૂપ છે, અને એનો ધારક બ્રહ્મ હત્યા જેવા ઘોર પાપથી મુક્ત થઈ શકે છે, એમાં કોઈ સંશય નથી. સાત મુખી રુદ્રાક્ષ અનંગ સ્વરૂપ છે ,જે અનંગ નામથી પ્રસિદ્ધ છે, એને ધારણ કરનાર દરિદ્ર ઐશ્વર્યશાળી થઈ જાય છે. અષ્ટમુખી રુદ્રાક્ષ અષ્ટમૂર્તિ ભૈરવ રૂપ છે, એને ધારણ કરવાથી મનુષ્ય થાય છે, અને મરણ પછી ત્રિશૂળ લધારી શંકર થઈ જાય છે. નવમુખી રુદ્રાક્ષ અને ભૈરવ તથા કપિલ મુનિનું પ્રતીક માનવામાં આવે છે, અને નવદુર્ગા સ્વરૂપ ધારણ કરનારી મહેશ્વરી દુર્ગા એની અધિષ્ઠતાત્રી દેવી માનવામાં આવી છે, જે માણસ ભક્તિ પરાયણ થઈને પોતાનાં ડાબા હાથમાં નવમુખી રુદ્રાક્ષ ધારણ કરે છે, તે નિશ્ચય જ સમાન સર્વેશ્વર થઈ જાય છે એમાં સંસય નથી, એ મહેશ્વરી દસ મુખી રુદ્રાક્ષ સાક્ષાત ભગવાન વિષ્ણુનું રૂપ છે, એને ધારણ કરવાથી મનુષ્યની સંપૂર્ણ કામનાઓ પૂર્ણ થઈ જાય છે. અગિયાર મુખી રુદ્રાક્ષ રુદ્ર સ્વરૂપ છે, એને ધારણ કરવાથી મનુષ્ય સર્વત્ર વિજય થાય છે. બાર મુખવાળો રુદ્રાક્ષ કેશમાં ધારણ કરવો જોઈએ, એને ધારણ કરવાથી જાણે મસ્તક પર બારે આદિત્ય બિરાજમાન થયા હોય. તેર મુખવાળો રુદ્રાક્ષ વિશ્વદેવ રૂપ છે, તેને ધારણ કરીને મનુષ્ય સંપૂર્ણ મનવારિત પ્રાપ્ત કરે છે. ચૌદ મુખ વાળો રુદ્રાક્ષ પરમ શિવરૂપ છે, અને ભક્તિભાવ પૂર્વક મસ્તક પર ધારણ કરો એનાથી સર્વ પાપ નષ્ટ થઈ જાય છે, રુદ્રાક્ષનાં ચૌદ ભેદ દર્શાવાયા છે, અને એને ધારણ કરવાનાં ચૌદ મંત્રો પણ છે. રુદ્રાક્ષની માળા ધારણ કરેલ પુરુષ કે સ્ત્રીને જોઈને ભૂત,પ્રેત, પિશાચ, ડાકીની, સાકીની, અને અન્ય જે દ્રોહકારી રાક્ષસ વગેરે છે, તે બધાં દૂર ભાગી જાય છે. હે પાર્વતી રુદ્રાક્ષ માળા ધારી પુરુષને જોઈને હું શિવ, વિષ્ણુ, દેવી દુર્ગા, ગણેશ, તથા સૂર્ય, અને અન્ય દેવતા પણ પ્રસન્ન થઈ જાય છે. આમ સમસ્ત જીવ પર કૃપા કરવા માટે ભગવાન શિવ એ રુદ્રાક્ષનું નિર્માણ કર્યું. ૐ નમઃ શિવાય.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### તીનપત્તીનો શોખીનો રોજબરોજ જમાવે છે જૂગારધામ : પોલીસના દરોડાનો દોર યથાવત

# છ જૂગારધામમાંથી ૪૫ પત્તાપ્રેમીઓ ઝડપાયા

## પ્રદ્યુમનનગર, થોરાળ, એ-ડિવીઝન, ડીસીબી અને પીસીબીના દરોડાઃ સવા લાખથી વધુની રોકડ કબ્જે થઇ

રાજકોટ તા. ૨૩

રાજકોટઃ શહેરમાં ઠેકઠેકાણે શ્રાવણીયા જૂગાર રમવા માટે લોકો જાહેરમાં ઘરમાં ફ્લેટમાં કે કારખાનાઓમાં બેસી જતાં હોય છે. પોલીસ સતત આવા જૂગારધામો પકડી રહી છે. વધુ છ દરોડામાં ૪૫ પત્તાપ્રેમીઓને પકડી લઇ એક લા ઓગણચાલીસ હજારની રોકડ કબ્જેક રાઇ હતી. પ્રનગર પોલીસે રેલનગર અને પરસાણાનગરમાં મકાનમાં રમાતા જુગારધામ પર થોરાળા પોલીસે ભાવનગર રોડ પર અને એ-ડીવીઝન પોલીસે ભવાનીનગરમાં જાહેરમાં રમાતા જુગાર પર દરોડા પાડી કાર્યવાહી કરી હતી. તેમજ અન્ય બે દરોડા ક્રાઇમ બ્રાંચ અને પીસીબીની ટીમે પાડ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના ઇન્સ. એમ.ડી. મકવાણાના માર્ગદર્શનમાં પીએસઆઇ અસ.ડી. કોઠીવાર, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઇ કુગશીયા સહિતના સ્ટાફે રેલનગરમાં ક્રિષ્ના બંગ્લોઝ શેરી નં. ૩માં અતુલ રસીકભાઇ વાજાર (ઉ.વ. ૪૪) ના મકાનમાંથી જુગાર રમતા રાજેશ નવીનચંદ્ર વાજાર (ઉ.વ. ૪૩ રહે. પરાસર પાર્ક, શેરી નં. ૨ ના ખુણે, જામનગર રોડ, ધર્મેશ બીપીનભાઇ વાજાર (ઉ.વ. ૩૧ રહે. ગુ.હા. બોર્ડ કવાર્ટર, યુની. રોડ), ભાવીક બીપીનભાઇ વાજાર (ઉ.વ. ૩૬ રહે. ગુ.હા. બોર્ડ કવાર્ટર, યુનિ. રોડ), હિતેશ મહેન્દ્રભાઇ ગૌસ્વામી (ઉ.વ. ૨૮ રહે. પરાપીપળીયા, એકતા સોસાયટી, જામનગર રોડ), બંસી કેશુભાઇ ઘેટીયા (ઉ.વ. ૩૫ રહે. મધુવન પાર્ક શેરી નં. ૫, સાધુવાસવાણી રોડ) અને પ્રશાંત શૈલેષભાઇ ઝાલા (ઉ.વ. ૩૨ રહે. આસ્થા ચોક, રેસકોર્ષ બંગ્લોઝ, ૧૫૦ ફુટ રીંગ રોડ) ને રૂા. ૧૩,૫૦૦ ની રોકડ સાથે પકડી લીધા હતા.

બીજા દરોડામાં થોરાળા પોલીસ મથકના પીઆઇ એસ.પી. સોઢાની રાહબારીમાં પીએસઆઇ ટી.ડી. જાડેજા અને કોન્સ્ટેબલ નિલેશભાઇ જમોડ સહિતના સ્ટાફે ભાવનગર રોડ પર ક્રિષ્ના હોલ પાસે મફતીયાપરામાં દરોડો પાડી જુગાર રમતા જયદીપ મનસુખભાઇ ફતેપરા (ઉ.વ. ૧૯), વિર મનોજભાઇ સોલંકી (ઉ.વ. ૧૯), ગોપાલ નરશીભાઇ બાંભણીયા (ઉ.વ. ૨૬), મેહુલ ઉર્ફે પાવલી શામજીભાઇ ચૌહાણ (ઉ.વ. ૨૮), મનસુખ બાબુભાઇ ફતેપરા (ઉ.વ. ૪૩), રોહીત વિજયભાઇ સોલંકી (ઉ.વ. ૨૫), મનીષ જગદીશભાઇ સોલંકી (ઉ.વ. ૩૬ રહે. બધા ભાવનગર રોડ) અને અફઝલ મુનાભાઇ રાધાણી (ઉ.વ. ૩૬ રહે. રિધ્ધી સીધ્ધી સોસાયટી, દુધસાગર રોડ) ને રૂા. ૧૫,૫૦૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

ત્રીજા દરોડામાં જયારે જામનગર રોડ પર પરસાણાનગર શેરી નં. ૪ માં રહેતા કિશોર મગનભાઇ ઉધરેજા (ઉ.વ. ૩૪) ના મકાનમાંથી જુગાર રમતા રોહિત કિરીટભાઇ સોઢા (ઉ.વ. ૩૦ રહે. તોપખાના, જામનગર રોડ), કાર્તિક ધનજીભાઇ મકવાણા (ઉ.વ. ૨૭ રહે. પરસાણાનગર), જેન્તી હિરાભાઇ વાઘેલા (ઉ.વ. ૪૬ રહે. લાખાબાપાની વાડી, જામનગર રોડ), રાણા દિનેશભાઇ જેઠવા (ઉ.વ. ૩૩ રહે. સ્લમ કવાટ્ર, જામનગર રોડ), વનરાજ અમરાભાઇ વાળા (ઉ.વ. ૨૬ રહે. માંડાડુંગર, આજીડેમ



ચોકડી પાસે) અને તુષાર હસમુખભાઇ ઝાલા (ઉ.વ. ૨૨ રહે. સ્લમ કવાર્ટર, જામનગર રોડ) ને રૂા. ૧૪,૧૫૦ ની રોકડ સાથે પકડી લીધા હતા.

ચોથા દરોડામાં એ-ડીવીઝન પોલીસના પીઆઇ જે.વી. વાઢીયાની રાહબરીમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ કરણભાઇ વીરસોડીયા, કલ્પેશભાઇ બોરીચા, મહેશભાઇ ચાવડા, કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ જાડેજા અને ધવલભાઇ જીલડીયા સહિતના સ્ટાફે રામનાથપરામાં ભવાનીનગર શેરી નં. ૫ માં જાહેરમાં જુગાર રમતા વિનોદ ઉર્ફે વનેશ સોમાભાઇ શીયાળ (ઉ.વ. ૫૦), દિપક ગોવિંદભાઇ ચૌહાણ (ઉ.વ. ૩૧), વિજય ઉર્ફે ટીટો ભીખુભાઇ ભટ્ટી (ઉ.વ. ૪૦), રમેશ ઓધનધાઇ બાંભણીયા (ઉ.વ. ૫૨), વિનોદ બચુભાઇ મકવાણા (ઉ.વ. ૪૩), તુલસી લક્ષ્મણભાઇ ચૌહાણ (ઉ.વ. ૪૨), ભાવીન અશોકભાઇ શીયાળ (ઉ.વ. ૨૫), સુરેશ મગનભાઇ ચૌહાણ (ઉ.વ. ૩૮) અને વિશાલ ગોરધનભાઇ ચૌહાણ (ઉ.વ. ૩૦ રહે. બધા ભવાનીનગર) ને પકડી રૂા. ૧૧,૨૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.

આ ઉપરાંત અન્ય દરોડાની વિગતો જોઇએ તો નવાગામમાં શેરી નં. ૧માં મકાનમાં ક્રાઇમ બ્રાંચે અને નાનામવા રોડ પર ફલેટમાં પી.સી.બી.એ બાતમીના આધારે દરોડા પાડી જુગાર રમતાં ૧૪ પત્તાપ્રેમીને રૂા. ૮૫ હજારની રોકડ સાથે ઝડપી લીધા હતા. નવાગામમાં શેરી નં. ૧ માં રહેતાં જીજ્ઞેશ વેલજીભાઇ હેરમા (ઉં.વ. ૪૩)ના મકાનમાં ક્રાઇમ બ્રાંચે બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતાં જીજ્ઞેશ ઉપરાંત અમિત શાંતિભાઇ કાપડીયા (ઉં.વ. ૪૧) રહે. કડવા ભનુ રોડ ૩નો ખુણો, રણછોડનગર, અપીલ મુકેશભાઇ સોલંકી (ઉ.વ.૨૬) રહે. નવાગામ શકિત સોસાયટી, મેહુલ નાગજીભાઇ ડાભી (ઉ.વ.૩૪ રહે. નવાગામ શેરી નં. ૧), મિલન તુલશીભાઇ ચૌહાણ (ઉં.વ. ૨૬ રહે. કનકનગર, સંતકબીર રોડ, ગીરીશ હેમંતભાઇ ટાંક (ઉ.વ. ૫૫ રહે. નવાગામ શેરી નં. ૬) અને પાર્થ અશ્વીનભાઇ ટાંક (ઉ.વ. ૩૦ રહે. રામેશ્વર સોસાયટી શેરી નં. ૧૭, વિરાટનગર મેઇન રોડને રૂા. ૩૨,૮૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા, આ કામગીરી પી.આઇ. એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર અને સી. એચ. જાદવની રાહબરીમાં પી.એસ.આઇ. એ. એન. પરમાર, હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઇ ડવ, મોહિલરાજસિંહ ગોહીલ, કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ જાડેજા અને ગોપાલભાઇ પાટીલ સહિતના સ્ટાફે કરી હતી.

તેમજ નાનામવા રોડ પર ન્યુ ગાંધી સોસાયટીમાં અક્ષરવાટીકા અક્ષરવીલા એ-૪૦૩માં રહેતાં લીલાધરભાઇ કરશનભાઇ બુટાણી (ઉ.વ. ૬૭) ના ફલેટમાંથી પી.સી.બી.એ. જુગાર રમતાં લીલાધરભાઇ ઉપરાંત આકાશ આયુષભાઇ કાલરીયા (ઉ.વ. ૪૩ રહે. રાજ પેલેસ એપાર્ટમેન્ટ, સાધુ વાસવાણી રોડ, ચીરાગ વીરજીભાઇ બેરા (ઉ.વ. ૪૪ રહે. ૪૮ એવન્યુ એપાર્ટમેન્ટ, જીવરાજ પાર્ક), અશ્વીન પોપટભાઇ ભાલોડી (ઉ.વ. ૫૦, રહે. સત્યજીત સોપાન એપાર્ટમેન્ટ, અંબીકા ટાઉનશીપ, વિપુલ ભીખુભાઇ કાલરીયા (ઉ.વ. ૪૬, રહે. અક્ષરવીલા એપાર્ટમેન્ટ, ન્યુ ગાંધી સોસાયટી, નાના મવા રોડ, અંકુર ડાયાલાલ દેસાઇ (ઉ.વ. ૪૬, રહે. ડિપવન પ્લાઝા, હરીદ્વાર હાઇટ્સ સામે, નાનામવા રોડ) અને નિસર્ગ અનીલભાઇ બેરા (ઉ.વ. ૩૭ રહે. ઓસીસ એપાર્ટમેન્ટ, મોટા મવા) ને રૂા. ૫૨,૫૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા. આ કામગીરી પી.આઇ. એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં પી.એસ.આઇ. આર. કે. જાડેજા, હેડ કોન્સ્ટેબલ વિજયભાઇ મેતા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા સહિતના સ્ટાફે કરી હતી. કુલ છ દરોડામાં પીસ્તાલીસ પત્તાપ્રેમીઓને પોલીસ સ્ટેશનના પગથીયા ચડવાની નોબત આવી હતી.

# ટાઇટન-૫૪ના બિલ્ડરો સામે ફ્લેટધારકની જીત

## સીવિલ કોર્ટે મનાઈ હુકમ મંજૂર કર્યો : ૮૦.૫૫ લાખ મેળવ્યા બાદ પણ કામ પૂરું ન કરનાર અને સાટાખત રદ કરવા કોર્ટમાં ગયેલા બિલ્ડરોને સીવિલ કોર્ટનો મોટો ઝાટકો

રાજકોટ, તા.૨૪

રેરાનો કાયદો અમલમાં આવ્યા છતાં કેટલાક બિલ્ડરોની મનમાની સામે ફ્લેટ ખરીદનારો ભોગ બનતા હોય છે, ત્યારે રાજકોટમાં આવો જ એક મહત્વનો કાનૂની કિસ્સો સામે આવ્યો છે. રાજકોટ શહેરની નવી હદમાં સમાવિષ્ટ નાનામવા વિસ્તારના રેવન્યુ સર્વે નં.૩૧ પૈકી, ટી.પી. સ્કીમ નં.૩ માં આવેલ 'ટાઈટન-૫૪' હાઈરાઈઝ બિલ્ડીંગના વીંગ-સી ના છઠ્ઠા માળના ફ્લેટ નં. ૬૦૨ અંગે સીવિલ કોર્ટે ફ્લેટ ધારકની તરફેણમાં સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે.

કેસની વિગત મુજબ, ફ્લેટ ધારક લવજીભાઈ પદમશીભાઈ દોમડીયા અને દિપેન લવજીભાઈ દોમડીયાએ વર્ષ ૨૦૧૯માં ૮૫ લાખના સોદા અન્વયે રજિસ્ટર્ડ સાટાખત કરી બિલ્ડરોને વર્ષ ૨૦૨૨ સુધીમાં ૮૦.૫૫ લાખ જેવી માતબર રકમ બેંકિંગ વ્યવહારથી ચૂકવી આપી હતી. આમ છતાં, મેસર્સ ટાઈટન ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદારો દર્પણ મનસુખભાઈ કયાડા, જયંતીલાલ સવજીભાઈ વસોયા અને સાવન હેમંત વરાસડા દ્વારા ફ્લેટમાં સીવિલ અને ઈલેક્ટ્રિક વર્ક સહિતની પ્રાથમિક સુવિધાઓની કામગીરી પૂરી કરવામાં આવી નહોતી.

ફ્લેટ ધારકે વારંવાર રજૂઆતો કરવા છતાં કામ પૂરું ન થતાં આખરે બિલ્ડરો સામે રેરા (છઊછઅ) ઓથોરિટી સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. આ કામગીરી ચાલુ હતી તે દરમિયાન, બિલ્ડરોએ ઊલટાનું સોદો રદ કરાવવા રાજકોટની સીવિલ કોર્ટમાં ફ્લેટ ધારક સામે દાવો દાખલ કરી દીધો હતો. દાવો મળતા જ ફ્લેટ ધારકે વકીલ મારફતે કોર્ટમાં કાઉન્ટર ક્લેઈમ રજૂ કર્યો હતો અને બિલ્ડરો સામે મનાઈ હુકમની માગણી કરી હતી.





કોર્ટમાં ફ્લેટ ધારકના એડવોકેટ્સ દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી કે બિલ્ડરોએ મોટી રકમ વસૂલ કર્યા પછી પણ કરાર મુજબનું કામ પૂરું કર્યું નથી અને ઊલટું સાટાખત રદ કરવાનો દાવો કરીને ખરીદનાર સાથે અન્યાય કરી રહ્યા છે. બંને પક્ષોની દલીલો, રજૂ થયેલા દસ્તાવેજો અને કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લઈને રાજકોટના મહેરબાન સીવિલ જજ સી.ડી. સાહેબની કોર્ટે બિલ્ડરોની રજૂઆતો ફગાવી દીધી હતી. કોર્ટે ફ્લેટ ધારકની તરફેણમાં વચગાળાનો મનાઈ હુકમ ફરમાવતા આદેશ આપ્યો છે કે ટાઈટન ડેવલોપર્સના ભાગીદારો આ ફ્લેટ અન્ય કોઈ વ્યક્તિને વેચાણ, ગીરો, બક્ષીસ કે ટ્રાન્સફર કરી શકશે નહીં.

આ દાવામાં પ્રતિવાદી લવજીભાઈ દોમડીયા અને દિપેન દોમડીયા વતી રાજકોટના એડવોકેટ મેહુલ વી. મહેતા, સુરેશ ફળદુ, ભૌતિક કાલરીયા, મયંક ગોહેલ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, જસ્મીન દુધાગરા, ભાવિન ખુંટ, જય પીઠવા, સાહિલ કંટારીયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા અને રાહિલ ફળદુ રોકાયા હતા.

# કારખાનામાંથી શખ્સ વિદેશી દારૂના ચપલા સાથે ઝડપાયો

## ખેક શખ્સને પોલીસે અડધી બોટલ સાથે દબોચી લીધો



રાજકોટઃ દારૂના દરોડાની કામગીરીમાં પોલીસે વધુ નવી કાર્યવાહી કરી હતી. અટીકા ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ભકિતનગર પોલીસે કારખાનામાં દરોડો પાડી કારખાતેદારને અંગ્રેજી દારૂના ૩૨ ચપલા સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. અટીકા ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં શેરી નં. ૬ માં જલ્ધી ઈન્ડસ્ટ્રીઝ નામે કારખાનામાં વિજય ચકુભાઇ લીંબાસીયાએ દારૂનો જથ્થો રાખ્યો હોવાની બાતમીના આધારે ભકિતનગર પોલીસ મથકનાં પીઆઇ જે.ડી. પરમારની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ કેતનભાઇ બોરીચા, કોન્સ્ટેબલ નિલેશભાઇ મિયાત્રા સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો. કારખાનાની ઓફિસમાં તપાસ કરતા ટેબલના ખાનામાંથી દારૂના ચપલા મળી આવતા પોલીસે કુલ રૂા. ૯૬૦૦ ની કિંમતના દારૂના ૩૨ ચપલા કબ્જે કરી કારખાનેદાર વિજય લીંબાસીયા (રહે. યોગી એપાર્ટમેન્ટ ગીતાનગર શેરી નં. ૪) ને ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત ૧૫૦ ફુટ રીંગ રોડ, પર રૈયા ચોકડી પાસેથી ગાંધીગ્રામ પોલીસનાં હેડ કો. ભવદીપસિંહ ગોહીલ અને કો. જયદેવસિંહ પરમારે અભિષેક તુષારભાઇ મહેતા (ઉ.વ.૨૫ રહે. વિદ્યુતનગર, રૈયા રોડને દારૂની અડધી બોટલ સાથે ઝડપી લીધો હતો.

# સારવાર,સુરક્ષા,વ્યવસ્થાને પ્રાધાન્યઃડો.કમલ ડોડીયા

## દર્દીઓની સારવાર, કર્મચારીઓની સુરક્ષાને લેવાશે ધ્યાને



રાજકોટઃ શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલના અધિક્ષક તરીકે ડો.કમલ ડોડીયાએ વિધિવત ચાર્જ સંભાળ્યો છે, તત્કાલીન અધિક્ષક ડો.મોનાલી માકડીયાએ તમામ કાગળ પરની કાર્યવાહી પૂર્ણ કરી ચાર્જ સોંપણી કરી હતી. આ તકે મેડિકલ કોલેજના ડીન ડો.પંકજ બુચ, પૂર્વ ડીન ડો.ભારતી પટેલ તેમજ જુદા જુદા વિભાગોના વડા પણ ઉપસ્થિત રહ્યા હતા અને ડો.કમલ ડોડીયાને શુભેચ્છા પાઠવી હતી. ડો.કમલ ડોડીયા ઓપ્થેલ્મોલોજી વિભાગના વડા છે અને તેમને અધિક્ષક તરીકેનો વધારાનો ચાર્જ સરકાર દ્વારા સોંપવામાં આવ્યો છે. જયારે ડો.મોનાલી માકડીયા હવે ચાર્જ મુક્ત થતા પ્લાસ્ટિક સર્જરી વિભાગના વડા તરીકે કાર્યરત રહેશે.

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સરકારી હુકમ મુજબ હોસ્પિટલના ઇન્ચાર્જ તબીબી અધિક્ષક તરીકેની જવાબદારી હવે ડો. મોનાલી માંકડીયા કે જેઓ પ્લાસ્ટિક એન્ડ રીકન્સ્ટ્રક્ટિવ સર્જરીના પ્રાધ્યાપક છે તેમને આ હવાલામાંથી મુક્ત કરવામાં આવ્યા હોઇ તેમની જગ્યાએ તબિબી અધિક્ષકની આ જગ્યાનો હવાલો ડો. કમલ ડોડીયા ઓપ્થલ્મોલોજી (આંખના વિભાગ)ના પ્રાધ્યાપક (વર્ગ-૧)ને તેમની મૂળ ફરજો ઉપરાંત તબીબી અધિક્ષક વર્ગ-૧ની જગ્યાનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. આજે તેમણે ચાર્જ સંભાળી લીધો હતો.

ડો. કમલ ડોડીયાને તબિબી અધિક્ષકનો મહત્વનો હોદ્દો સોંપવામાં આવતાં તેમણે આજે ચાર્જ સંભાળ્યા બાદ કહ્યું હતું કે સૌથી પહેલા અમે ત્રણ મહત્વના મુદ્દાને પ્રાધાન્ય આપશું. જેમાં દર્દીઓની સારવાર, કર્મચારીઓની સુરક્ષા અને હોસ્પિટલ તંત્ર દ્વારા જરૂરી તમામ વ્યવસ્થાને પ્રાધાન્ય અપાશે. ડો. કમલ ડોડીયા આંખના વિભાગના વડા તરીકે ખુબજ સારી કામગીરી બજાવી રહ્યા છે. હવે તેમને સમગ્ર હોસ્પિટલની જવાબદારી સોંપવામાં આવી છે. આ જવાબદારી પોતે હોસ્પિટલના તમામ વિભાગોના વડા, કર્મચારીઓના સહકારથી સુપેરે નિભાવશે અને દર્દીઓને કોઇપણ તકલીફ ન પડે તેવી કામગીરી કરવા સતત પ્રયત્નશીલ રહેશે. ચાર્જ સંભાળતી વખતે મેડીકલ કોલેજના ડીન ડો. પંકજ બુચ તેમજ પુર્વ ડીન ડો. ભારતી પટેલલ સહિતના તેમજ તમામ વિભાગના વડા ઉપસ્થિત રહ્યા હતાં. ડો. કમલ ડોડીયા સમક્ષ સિવિલના અનેક પ્રૌ ઉકેલવાનો પડકાર ઉભો છે. તે નિવારવા તેઓ આગળ વધે તે માટે સ્ટાફે શુભેચ્છાઓ પાઠવી હતી.

### પરપ્રાંતીય ૮ યુવતીઓને મુક્ત કરાવતું એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ : રોકડ રકમ અને ૨ મોબાઈલ સહિત કુલ ૧૪,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે

# 'હાઈ ડ્રિમ વેલનેસ સ્પા'માં કુટણખાનાનો પર્દાફાશ

રાજકોટ, તા.૨૪

રાજકોટ શહેરમાં સ્પા સેન્ટરોની આડમાં ધમધમતા ગેરકાયદે દેહવ્યાપારના નેટવર્ક સામે પોલીસે લાલ આંખ કરી છે, જેમાં શહેરના વ્યસ્ત ગણાતા માલવિયા ચોક સ્થિત પ્રમુખ સ્વામી આર્કેડમાં આવેલા 'હાઈ ડ્રિમ વેલનેસ સ્પા'માં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (અઇઝઅ) ની ટીમે ડમી ગ્રાહક મોકલીને દરોડો પાડ્યો હતો અને બોડી મસાજના બહાને ચાલતા હાઈપ્રોફાઈલ કુટણખાનાનો પર્દાફાશ કરી પોલીસે એક મહિલા રિસેપ્શનિસ્ટ-ટેલિકોલરની ધરપકડ કરી છે, જ્યારે સ્થળ પરથી અન્ય રાજ્યોની ૮ યુવતીઓને મુક્ત કરાવીને સ્પાના ૨ મુખ્ય સંચાલકો ફરાર થઈ જતાં તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

માલવિયા ચોક પાસે પ્રમુખ આર્કેડના બીજા માળે આવેલા 'હાઈ ડ્રિમ વેલનેસ સ્પા'માં બહારના રાજ્યોમાંથી યુવતીઓને બોલાવી મસાજના નામે ગ્રાહકો પાસેથી અનૈતિક દેહવ્યાપાર કરાવાતો હોવાની ચોક્કસ બાતમી મળતા AHTU ટીમના પીઆઈ બી.બી. જાડેજાની ટીમે એક ડમી ગ્રાહક તૈયાર કરી સ્પામાં મોકલ્યો હતો અને ડમી ગ્રાહક તરફથી લીલી ઝંડી મળતાં જ પોલીસે ત્રાટકીને




**માત્ર ૧૦ મહિના અગાઉ પણ આજ જગ્યાએ પોલીસે પકડી પાડ્યું હતું દેહવ્યાપારનું નેટવર્ક; ગ્રાહકો પાસેથી ૩૦૦૦ રૂપિયા વસૂલી ચલાવાતા ગેરકાયદે ધંધામાં બે સંચાલકો ફરાર થઈ જતા પોલીસ દ્વારા સઘન શોધખોળ શરૂ**

સ્પા માલિક પ્રદિપ ચાવડા, મુકેશ વાઘેલા અને રિસેપ્શનિસ્ટ મહિલા સામે ગુનો નોંધી મહિલાની ધરપકડ કરી હતી.

પોલીસ તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે સ્પા સંચાલકો ગ્રાહક પાસેથી એન્ટ્રી ફી પેટે ૧૦૦૦ રૂપિયા વસૂલતા હતા અને ત્યારબાદ શારીરિક સંબંધ એટલે કે એક્સ્ટ્રા સર્વિસ માટે ગ્રાહક દીઠ ૩૦૦૦ રૂપિયા લેવામાં આવતા હતા, જેમાંથી સ્પા સંચાલક ૧૦૦૦ રૂપિયા કમિશન રાખી બાકીના ૨૦૦૦ રૂપિયા યુવતીઓને આપતા હતા. આ દરોડા દરમિયાન પોલીસે રોકડ રકમ અને ૨ મોબાઈલ સહિત કુલ ૧૪,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો તેમજ ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી અને પશ્ચિમ બંગાળથી લાવવામાં આવેલી ૮ યુવતીઓને મુક્ત કરાવી હતી.

આ સમગ્ર પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે આ સ્પા છેલ્લા ૩ વર્ષ કરતાં વધુ સમયથી સક્રિય છે અને આજથી ૧૦ મહિના પહેલાં એટલે કે ગત ઓક્ટોબર ૨૦૨૫ માં પણ પોલીસે આજ જગ્યાએ દરોડો પાડીને કુટણખાનું ઝડપી લીધું હતું, જે તે સમયે દ્વારકાના સંચાલક જયંતી વાઘેલા અને પૃથ્વી રામ સિંગની અટકાયત કરવામાં આવી હતી અને ૮ યુવતીઓ મુક્ત કરાવાઈ હતી છતાં ફરીથી આ સ્થળે અનૈતિક પ્રવૃત્તિ શરૂ થઈ જતાં પોલીસે હવે ફરાર માલિકોને ઝડપી લેવા કડક ચક્રો ગતિમાન કર્યા છે.

### અલગઅલગ સાત પરિવારોએ પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી દીધા

# મહિલા માટે મોટરસાઈકલ કાળ બન્યું

## અગાસીએ ઢળી પડતાં યુવાનનું મોતઃ વાડીએ ઝેર પી મજૂરે જીવ દીધોઃ જમતી વખતે ઢળી પડતાં પ્રૌઢનું અને બેભાન હાલતમાં અન્ય ત્રણ લોકોના જીવ ગયા

રાજકોટઃ રોજબરોજ કોઇને કોઇ પરિવાર પોતાના સ્વજનોને અપમૃત્યુની ઘટનામાં ગુમાવી દેતાં હોય છે. આવા વધુ સાત બનાવ રાજકોટ શહેર સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે નોંધાયા હતાં. એક મહિલા રસ્તો ઓળંગતા હતાં ત્યારે મોટરસાઇકલની ઠોકરે ચડતાં મોત થયું હતું. એક યુવાન અગાસીએ કામ કરતો હતો ત્યારે બેભાન થઇ ઢળી પડતાં જીવ ગયો હતો. એક યુવાને વાડીએ ઝેર પી આપઘાત કર્યો હતો. અન્ય બનાવમાં બેભાન હાલતમાં ત્રણ લોકોના મોત થયા હતાં. તો એક પ્રૌઢનું જમતાં જમતાં ઢળી પડતાં મૃત્યુ થયું હતું.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો પ્રભાસપાટણમાં રસ્તો ઓળંગી રહેલા મહિલાનું બાઇકની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. તેઓને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. અહિ દમ તોડી દેતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. વેરાવળના પ્રભાસપાટણ ખાતે હોટેલ ડી-શાઇન પાછળ રહેતાં ખાતુબેન ઇબ્રાહીમભાઇ કાલવાત નામના સુડતાલીસ વર્ષના મહિલા સવારે ઘર પાસે રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે બાઇકની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થઇ હતી. બાઇકચાલક પોતે પણ ફેંકાઇ ગયો હતો.

ખાતુબેનને સારવાર માટે વેરાવળ હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેઓ ચાર બહેન અને ત્રણ ભાઇમાં બીજા હતાં અને અપરિણીત હતાં. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્રભાસપાટણ પોલીસને કરી હતી.

બીજા બનાવમાં શાપરમાં ભીમનગરમાં રહેતો અઠ્ઠાવીસ વર્ષના ધવલભાઇ ભગવાનજીભાઇ ટીમાણીયા નામનો યુવાન સર્વોદય સોસાયટીમાં કારખાનાની પાઇપલાઇન ચોક થઇ ગઇ હોઇ તેની સફાઇ કરવા ગયો હતો. અગાસી પરથી તે સળીયા વડે પાઇપલાઇનની સફાઇ કરતો હતો ત્યારે એકાએક બેભાન થઇ અગાસીએ ઢળી પડ્યો હતો. બનાવની જાણ થતાં ૧૦૮ પહોંચી હતી, પરંતુ તેના તબિબે તેને મૃત જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ધવલભાઇ બે ભાઇમાં મોટો હતો અને સંતાનમાં ચાર વર્ષની દિકરી અને બે વર્ષનો દિકરો છે. પોતે મુળ અમરેલીના ખજુરીનો વતની હતો. આઠેક વર્ષથી શાપર સ્થાયી થયો હતો. સફાઇ કામ વખતે વિજતારમાંથી કરંટ લાગતાં મૃત્યુ થયું કે હાર્ટએટેક આવ્યો? તે જાણવા પરિવારજનોએ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાનું કહેતાં શાપર પોલીસે કાર્યવાહી કરી હતી.

ત્રીજા બનાવમાં ટંકારાના મોટા ખીજડીયા ગામે આવેલી મયુરસિંહની વાડીમાં પરિવાર સાથે રહેતાં પચ્ચીસ વર્ષના અનિલ રમેશભાઇ પંચોલી નામના યુવાને સાંજે ચારેક વાગ્યે વાડીએ ઝેર પી લેતાં ટંકારા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ટંકારા પોલીસને કરી હતી. આપઘાત કરનાર અનિલ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. સગાના કહેવા મુજબ અનિલને દારૂ પીવાની ટેવ હતી. નશામાં જ કદાચ તે ઝેરી દવા પી ગયો હતો. ટંકારા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મૃતદેહને અંતિમવિધી માટે પરિવારજનો વતન મધ્યપ્રદશે લઇ ગયા હતાં.

ચોથા બનાવની વિગતો જોઇએ તો હળવદના રણમલપુર ગામે રહેતાં પંચાવન વર્ષના દેવશીભાઇ ગાંડાભાઇ વાઘેલા નામના પ્રૌઢ ગઇકાલે ઘરે જમતાં જમતાં ઢળી પડતાં બેભાન હાલતમાં સારવાર માટે રાજકોટ



સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. દેવશીભાઇ ચાર ભાઇ અને બે બહેનમાં બીજા હતાં અને ખેત મજૂરી કરતાં હતાં. તે એકલા જ રહેતાં હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં હળવદ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃત્યુનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

અપમૃત્યુના અન્ય બનાવો પર નજર કરીએ તો માંડા ડુંગર નજીક ભીમરાવનગર-૯માં રહેતાં ચોપન વર્ષના મનુભાઇ બચુભાઇ મકવાણા સવારે છએક વાગ્યે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર ત્રણ ભાઇમાં બીજા હતાં. સંતાનમાં એક દિકરો છે. કેન્સરની ગાંઠ હોવાનું સગાએ જણાવ્યું હતું. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

જ્યારે કાલાવડ રોડ પર અંધઆશ્રમમાં રહેતાં મુળ મહારાષ્ટ્રના મોહનભાઇ વિલાસભાઇ સોલંકી નામના પચાસ વર્ષના પ્રજ્ઞાચક્ષુ વૃધ્ધને સિવિલ હોસ્પિટલના ટીબીસીડી વોર્ડમાં દાખલ કરાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હૃદયરોગનો હુમલો આવી ગયાની શક્યતા જણાવાઇ હતી.

તેમજ અન્ય ઘટનામાં બનાવમાં જ્યુબીલી નજીક ઠાકર હોટેલ સામે પથીકાશ્રમમાં રહેતાં અઠાવન વર્ષના સુનિલભાઇ પ્રાણશંકરભાઇ વ્યાસને છાતીમાં દુઃખાવો થતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ સિવિલ હોસ્પિટલમાં દમ તોડી દેતાં એ-ડિવીઝન પોલીસને જાણ કરાઇ હતી. તેઓ મુળ જામનગર લાલપુરના વતની હતાં. આમ સાત બનાવોમાં પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતા.

### લવલફરાઓને કારણે થતી માથાકુટમાં વધુ એક ઉમેરોઃ આજીડેમ પોલીસે કરી કાર્યવહી

# કુંવારાએ પરિણીતા સાથે મૈત્રીકરાર કરતાં અપહરણ

## ત્રંબા ગામની ઘટનાઃ આજીડેમ પોલીસે તત્કાળ કાર્યવાહી કરી અપહતને છોડાવી બે શકમંદને પુછતાછ માટે ઉઠાવી લીધા

રાજકોટઃ પ્રેમપ્રકરણના બનાવોમાં અવાર-નવાર માથાકુટ થતી રહેતી હોય છે. ઘણીવાર કુંવારા છોકરા-છોકરી વચ્ચે પ્રેમ થાય અને લગ્ન કરવાના ઇરાદે ભાગી જાય તો પાછળથી બંનેના પરિવારજનો વચ્ચે બાકાઝીકી બોલી જતી હોય છે. તો ઘણીવાર પરણેલા યુવાનને કુંવારી યુવતિ સાથે તો ક્યારેક પરણેલી યુવતિને કુંવારા યુવાન સાથે પ્રેમ થઇ જાય તો પણ વાત વણસી જતી હોય છે. આવી જ એક ઘટના રાજકોટના ત્રંબા ગામમાં બની હતી. જેમાં અહિ રહેતાં ત્રેવીસ વર્ષના કાચા કુવારા યુવાનને એક સંતાનની માતા એવી પરિણીતા સાથે પ્રેમ થઇ જતાં ભગાડીને મૈત્રીકરાર કરી લીધા હતાં. આ વાતનો ખાર રાખી આ પરિણીતાના કુટુંબના કે સગા એવા બે શખ્સોએ યુવાનને અણીયારા નજીકથી કારમાં ઉઠાવી અપહરણ કરી લેતાં દોડધામ મચી ગઇ હતી. જો કે પોલીસને માહિતી મળતાં તપાસનો ધમધમાટ શરૂ કરી આ અપહ્નને છોડાવી લઇ કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો રાજકોટના ત્રંબા ગામે રહેતાં કુંવારા ત્રેવીસ વર્ષના યુવાને નજીકના એક ગામની પરિણીતા સાથે મૈત્રીકરાર કરી લીધા હોઇ આ બાબતનો ખાર રાખી પરિણીતાના કોઇ સગાએ કારમાં આવી આ યુવાનનું અપહરણ કરી લેતાં દોડધામ મચી ગઇ હતી. જો કે આજીડેમ પોલીસને જાણ થતાં ગુનો દાખલ કરી કલાકોમાં આ અપહૃત યુવાનને મુક્ત કરાવ્યો હતો. બે શખ્સોને પુછતાછ માટે ઉઠાવી લીધા છે. પારકી પરણેતર સાથે કરેલા મૈત્રીકરારને કારણે આ બનાવ બન્યાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. આ બનાવમાં આજીડેમ પોલીસે ત્રંબા ગામ કલ્યાણ



પાર્ક રાધીકા સ્કૂલ પાસે રહેતાં એકવીસ વર્ષના ગૌતમ સવજીભાઇ લીંબાણીની ફરિયાદ પરથી બે અજાણ્યા તથા તપાસમાં ખુલે તેની સામે અપહરણનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ કરી અપહૃતને મુક્તક રાવી બે શખ્સને સકંજામાં લઇ પુછતાછ શરૂ કરી હતી.

વધુ માહિતી જોઇએ તો ગૌતમ પરિવાર સાથે રહે છે અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૩મીએ રવિવારે સવારે અગીયારેક વાગ્યા આસપાસ હું મારી આઇશર ગાડીનો ફેરો કરવા શાપર ગયો હતો. બાદમાં અગીયારેક વાગ્યે મારા મોટા ભાઇ પાર્થને મેં ફોન કરી હું શાપર ફેરો નાખવા આવ્યો છું તેવી વાત કરી હતી. આ વખતે પાર્થએ પોતે સ્પ્લેન્ડર બાઇક લઇને અણીયારા ગામના પાટીયે આઇમા હોટેલ ખાતે કામ માટે આવ્યાની વાત કરી હતી. ત્યારબાદ બપોરે સવાર બારેક વાગ્યે મારા બહેન હેતલબેને મને ફોન કરી કહ્યુ.હતું કે પાર્થભાઇ ફોન ઉપાડતો નથી.

આથી મેં તેને ફોન કરતાં પાર્થનો ફોન બંધ આવતો હતો. જેથી હું તરત જ શાપરથી અણીયારાના પાટીયે હોટેલ ખાતે પહોંચ્યો હતો. પણ ત્યાં મારો ભાઇ પાર્થ નહોતો. આથી હું ઘરે ત્રંબા જવા નીકળ્યો હતો. મેં રસ્તામાં જોયુ તો ભવદીપ પેટ્રોલ પંપ નજીક સાઇડમાં મારા ભાઇનું હોન્ડા રેઢુ પડેલુ દેખાયુ હતું. જેથી હું ત્યાં ઉભો રહી ગયો હતો અને આસપાસ તપાસ કરી હતી. આ વખતે વાડીમાં કામ કરતાં ભાઇને આ બાઇક બાબતે પુછતાં તેણે કહેલુ કે-થોડીવાર પહેલા આ બાઇકવાળા ભાઇને એક કારમાંથી ઉતરેલા બે શખ્સો ઝઘડો કરી બળજબરીથી બાઇકમાં બેસાડી લઇ ગયા છે.

આ શખ્સો આશરે પચ્ચીસથી ત્રીસ વર્ષના હતાં. આથી હું તરત ઘરે ગયો હતો અને મારા માતા-પિતા-બહેનને વાત કરી હતી. બાદમાં સરધાર પોલીસ ચોકી ખાતે પઅમે પહોંચ્યા હતાં. એ પછી સાંજે છ આસપાસ એક નંબર પરથી ફોન આવતાં મેં ઉપાડતાં તેમાં મારો ભાઇ વાત કરતો હતો. આ વખતે મારા ભાઇ પાર્થએ કહ્યું હતું કે-તું ક્રિષ્નાને લઇને દડવા આવી જા, આ લોકો મને બળજબરીથી દડવા લાવ્યા છે. આ વખતે મેં ક્રિષ્નાને ફોન આપતાં તેણીએ દડવા જવાની ના પાડતાં સામેથી ફોન કટ થઇ ગયો હતો.

ગૌતમે વધુમાં જણાવ્યું હતુ કે મારા ભાઇ પાર્થએ દડવા ગામની ક્રિષ્ના નામની પરિણીતા સાથે મૈત્રીકરાર કર્યા હોઇ જેનો ખાર રાખી આ યુવતિના સગાએ મારા ભાઇનું અપહરણ કરી લીધાની અમને જાણ થઇ હતી.આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ એસ. એલ. ગોહિલ અને ટીમે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કરી અપહૃત પાર્થને મુક્ત કરાવી બે શખ્સને પુછતાછ માટે ઉઠાવી લીધા હતાં. પારકી પરણેતર સાથે પાર્થએ મૈત્રીકરાર કર્યા હોઇ તેના કારણે તેને ઉઠાવી જવાયો હતો. આરોપીઓર્ના વિધીવત ધરપકડ બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે.

# કંપનીમાં ખુરશીએ બેસી ચા પીતી વખતે કર્મચારીના શ્વાસ થંભી ગયા

## આજી જીઆઇડીસીમાં બનાવઃ બીજી ઘટનામાં સાપ કરતાં આધેડનું મૃત્યુ



રાજકોટઃ મૃત્યુ ગમે ત્યારે ગમે ત્યાં આવી જતું હોય છે. આવી જ એક ઘટનામાં મવડી બાપા સિતારામ ચોકમાં ઇસ્કોન રેસીડેન્સી ખાતે રહેતાં હસમુખભારથી નવલભારથી ગોસ્વામી નામના એકસઠ વર્ષીય કર્મચારી સવારે દસેક વાગ્યે આજી જીઆઇડીસીમાં સ્ટવ કંપની ખાતે નોકરી પર હતાં ત્યારે ખુરશીમાં બેઠા બેઠા ચા પીતી વખતે બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર હસમુખભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. પોતે કંપનીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું જાહેર કરાયું હતું. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી.

બીજા બનાવમાં જુનાગઢના માળીયા હાટીના તાબેના લાઠોદરા ગામે રહેતાં ગોરધનભાઇ અમરાભાઇ સોંદરવા નામના પીસ્તાલીસ વર્ષના આધેડ બાવીસમીના સવારે ચારેક વાગ્યે મોરીના ઉંટબેટ શામપર ગામ ખાતે સરકારી સ્કૂલ પાસે મજૂરી કામ માટે આવ્યો હતાં ત્યારે સાપ કરડી જતાં સારવાર માટે ખસેડાયા હતાં. તેમનું આજે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે. પોતે ચાર બહેન અને બે ભાઇમાં મોટા હતાં અને છુટક મજૂરી કરતાં હતાં. તેઓ હાલમાં ઉંટબેટ શામપર ખાતે રહી મજૂરી કરતાં હતાં.

### વધુ એક પરિણીતા પતિ-સાસુના ત્રાસનો ભોગ બનતાં લીધી પોલીસની મદદ

# પ્રેમલગ્નના અઢાર વર્ષ બાદ પોતાના પારકા થયા

## પતિ દારૂ પી માર મારતોઃ ઘરખર્ચના પૈસા પણ ન દેતોઃ પત્નિ કંઇ પુછે તો મારવા દોડતોઃ અંતે પરિણીતાએ કર્યો મરી જવાનો પ્રયાસ

રાજકોટઃ પ્રેમલગ્નના અઢાર વર્ષ બાદ પતિ, સાસુ એક પરિણીતા માટે ત્રાસરૂપ બની જતાં અંતે તેણીએ ફિનાઇલ પી લીધુ હતું. સાસુએ તું મરી કેમ નથી જતી? એવુ કહેતાં તેણીએ આ પગલુ ભર્યુ હતું. જો કે આમ છતાં પતિ તેની ખબર પુછવા પણ હોસ્પિટલમાં આવ્યો નહોતો. તો પણ તેણીએ જતું કર્યુ હતું અને ફરિયાદ કરી નહોતી. આમ છતાં ત્રાસ યથાવત રહેતાં અંતે તેણીએ પોલીસની મદદ લેતાં પોીસે આ બંને સામે ગુનો દાખલ કર્યો હતો. તેર વર્ષ સુધી આ પણીતા સંયુક્ત પરિવારમાં રહી હતી અને ત્યારે પણ કારખાનામાં કામ કરી પગાર સાસુને આપી દેતી હતો. પણ જો તે કામે ન જાય તો સાસુ તેને જમવા પણ આપતાં નહોતાં.

વિગતો પર નજર કરીએ તો હાલ પીરવાડી નજીક ભાઇ-ભાભી સાથે રહેતી એક પરિણીતાએ ખોખડદળ પૂલ પાસે શીવધારામાં રહેતાં પતિ, સાસુ વિરૂધ્ધ ત્રાસની ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. આ બંનેના ત્રાસને કારણે તેણીએ સાસુના ઘરે જઇ ફિનાઇલ પી લીધુ હતું. આમ છતાં પણ પતિ ખબર પુછવા આવ્યો નહોતો. તેણીએ અઢાર વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હોઇ તે સાસુને પહેલેથી જ પસંદ નહોતું. તેણી કારખાને કામ કરી પગાર પણ સાસુને આપી દેતી હતી. જો કામે ન જાય તો તેણીને સાસુ જમવા પણ દેતાં નહોતાં. આ પછી તે પતિ સાથે અલગ રહેવા ગઇ હતી. બાદમાં પતિ પણ દારૂ પી મારકુટ કરવા માંડ્યો હતો. પોતાની માતાની ચઢામણીથી તે પણ ત્રાસ આપવા માંડ્યાનો આરોપ મુકાયો હતો. આજીડેમ પોલીસે ગોંડલ રોડ પીરવાડી નજીક રામ પાર્ક-૪માં રહેતાં શીતલબેન વિશાલભાઇ પરમાર નામના છત્રીસ વર્ષિય પરિણીતાની ફરિયાદ પરથી તેના પતિ શીવધારા સોસાયટી-૧ ખોખડદળ નદીના પૂલ પાસે રહેતાં વિશાલ અમરશીભાઇ પરમાર અને સાસુ લાભુબેન અમરશીભાઇ પરમાર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

આ બનાવ અંગે શીતલબેને ફરિયાદમાં જણાવ્યું છે કે હાલમાં હું રામ પાર્કમાં મારા ભાઇ મેહુલભાઇ નરેન્દ્રભાઇ ચૌહાણ અને ભાભી જ્યોતિબેન સાથે રહુ છું. મેં અઢાર વર્ષ પહેલા વિશાલ સાથે લવમેરેજ કર્યા છે. લગ્ન પછી અમે તેર વર્ષ સુધી સંયુક્ત પરિવારમાં રહ્યા હતાં. એ વખતે હું કારખાનામાં નોકરી કરતી હતી. તેમજ મારો જે પગાર આવતો તે સાસુ લાભુબેનને આપવાનો હતો. જેથી હું તેમને પગાર આપી દેતી હતી. હું કામે ન જાઉ તો મારા સાસુ જમવા પણ આપતાં નહિ. બાદમાં હું મારા સાસુથી અલગ રણુજા મંરિદ પાસે રહેવા ગઇ હતી. અહિ ભાડાના મકાનમાં હું અને પતિ રહેતાં હતાં. બાદ ત્રણેક વર્ષ સમ્રાટ ઇન્ડસ્ટ્રીઝમાં એક કારખાનામાં રહ્યા હતાં અને ત્યાં જ કામ કરતાં હતાં. મારે સંતાનમાં બે દિકરા છે જેમાં એક ૧૭ વર્ષનો બીજો ૧૧ વર્ષનો છે.

તેણીએ આગળ જણાવ્યું હતું કે હાલમાં હું બ્યુટી પાર્લરનું કામ પણ કરુ છું. શીતલબેને આગળ જણાવ્યું છે કે મારા સાસુ લાભુબેન તરફથી મને પહેલેથી જ તકલીફ હતી. ગત દિવાળીના સમયે તા. ૨૦/૧૦/૨૫થી મારા પતિ વિશાલ પરમારે પણ જીણી જીણી વાતે મારી સાથે ઝઘડા ચાલુ કર્યા હતાં. હું જમવાનું બનાવુ તો એ જમતા નહિ, ઘરના ખર્ચ માટે પૈસા પણ આપતા નહિ. તે મન પડે ત્યારે આવતા જતાં હતા. જો હું કંઇ કહું તો મને મારવા લાગતાં હતાં. આ ઉપરાંત મારા સાસુ મારા દિકરાને ફોન કરીને હું ક્યાં જાઉ છું, કેટલુ કમાઉ છું તેવુ પુછતા રહે છે. મારા પતિને પણ તે મારા વિરૂધ્ધ ખોટી ચઢામણી કરે છે. આથી પતિ જીણી જીણી વાતે ઝઘડા કરે છે અને ।દરૂ પી મારકુટ કરે છે. ગત તા.૧૭/૫ના રોજ હું ગોકુલધામ ગીતાંજલી સોસાયટી-૧માં ઘરે હતી.

ત્યારે પતિ વિશાલ દારૂ પી ઘરે આવેલ અને મારવાની કોશિષ કરી હતી. આ વખતે મેં બચાવ કરી તેને ધક્કો મારી દીધો હતો. તે વખતે તેણે હવે તને મારી જ નાંખુ કહી ધમકી આપી હતી અને જતો રહ્યોહ તો. પછી તે ઘરે આવેલ નહિ.બાદમાં મારે ઘરનું બ્યુટી પાર્લર કરવા લોનની જરૂર હોઇ પર્સનલ લોન લેવાની જરૂર હતી. અગાઉ એક્ટીવા લોનથી લીધુ હોઇ તેમાં મોબાઇલ નંબર મારા પતિનો હતો. પર્સનલ લોનની પ્રોસીઝર કરતાં ઓટીપી પતિના મોબાઇમલાં જતાં હોઇ જેથી હું ૨૦/૧ના રોજ શીવધારામાં મારા સાસુ લાભુબેનના ઘરે ગઇ હતી.

ત્યારે સાસુએ તું કેમ મરી જતી નથી તેમ કહેતાં હું સાસુ અને પતિના ત્રાસથી કંટાળી જઇ ત્યાં જ ફિનાઇલ પી ગઇ હતી. બાદમાં ૧૦૮ મારફત હોસ્પિટલમાં દાખલ થઇ હતી. જે તે વખતે મેં ફરિયાદ કરી નહોતી. પરંતુ ત્યારબાદ પણ પતિ ખબર પુછવા પણ ન આવતાં અંતે મારે ફરિયાદ કરવી પડી હતી. મેં પ્રેમલગ્ન કર્યા હોઇ તે સાસુને ગમતું ન હોઇ જેથી મને સતત ત્રાસ હતો. પછી પતિ પણ ત્રાસ આપવા માંડ્યા હોઇ અંતે બંને વિરૂધ્ધ ફરિયાદ કરવી પડી છે. તેમ વધુમાં શીતલબેને કહેતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ ડી. કે. ધાંધલાએ એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી.



### મારા બાપુજી બિમાર છે, મારુ એટીએમ ખરાબ છે, તમે રોકડા આપો હું તમને ઓનલાઇન પાછા આપુ

# નકલી એપથી ગઠીયાએ ત્રણ લોકોને છેતર્યા

## એટીએમ પાસે ઉભો રહી સાહિલ શેખ ગઠીયાગીરી કરતો હતોઃ બીજી તરફ યુકેના વિઝાના નામે ઠગાઈમાં પોલીસે ચોવીસ લાખ રીકવર કરાવ્યા




રાજકોટઃ ગઠીયાઓ નવા નવા નુસ્ખાઓનો ઉપયોગ કરી ઠગાઇ કરતાં રહે છે. ઓનલાઇન ઓફલાઇન ઠગાઇમાં એક ભુલો ત્યાં બીજી તરકીબ લઇને ગઠીયા આવી જાય છે. વધુ એક આવી ઠગાઇ થઇ છે. જેમાં નકલી પીટીએમ એપનો ઉપયોગ કરી ગઠીયાગીરી કરવામાં આવી હતી. મારા પિતાને હોસ્પિટલમાં દાખલ છે, એટીએમ કાર્ડ ખરાબ થઇ ગયું છે કહી ગઠીયાએ એક વ્યક્તિ પાસેથી રોકડ મેળવી લીધી હતી અને બાદમાં તેમને પોતે પેટીએમથી નાણા ચુકવી દીધા છે તેવો મેસેજ બતાવ્યો હતો. પરંતુ એ એપ નકલી હતી. નાણા આપનારાને વળતા કોઇ નાણા મળ્યા નહોતાં. એટીએમની બહાર ઉભો રહી આ ગઠીયો કારીગીરી કરતો હતો.

વિગતો પર નજર કરીએ વડોદરા શહેર ક્રાઇમ બ્રાન્ચે ટેકનોલોજીનો દુરૂપયોગ કરી નિર્દોષ નાગરિકો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરતા એક રીઢા ગુનેગારને ઝડપી પાડ્યો હતો. આરોપી એટીએમ સેન્ટર બહાર ભા રહી પિતા હોસ્પિટલમાં દાખલ હોવાનું ખોટું બહાનું બતાવી, નકલી પેટીએમ એપ મારફતે ઓનલાઇન નાણાં જમા થયાનો મેસેજ બતાવી સામેની વ્યક્તિ પાસેથી રોકડ રકમ પડાવી લેતો હતો. ક્રાઇમ બ્રાન્ચની ટીમે મળાલી ચોક્કસ બાતમીના આધારે આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે આવેલ લ્ઝ્ત એટીએમ નજીકથી આરોપી સાહિલ જાફરભાઈ શેખ જે સત્યાવીસ વર્ષનો છે તેને ને દબોચી લીધો હતો.

વધુ માહિતી અનુસાર પોલીસે આરોપી પાસેથી પાંચસોના દરની સોળ ચલણી નોટો અને એક મોબાઈલ ફોન કબ્જે કર્યો હતો. હરણી રોડ પર આવેલ એટીએમ નજીક એક નાગરિક સાથે આઠ હજારની છેતરપિંડી આચરી હતી, જે અંગે વારસિયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે વારસિયા પોલીસને સોંપાયો હતો. પોલીસ તપાસમાં આરોપીના મોબાઈલમાંથી ટેલિગ્રામ ચેનલ મારફતે મેળવેલી નકલી પેટીએમ એપ મળી આવી હતી. આરોપી એટીએમ મશીનમાં પૈસા જમા કરાવવા કે ઉપાડવા આવતા લોકોને ટાર્ગેટ કરતો હતો.

આ શખ્સ પોતાના પિતા હોસ્પિટલમાં છે અને એટીએમ કાર્ડ ચાલતું નથી તેમ કહી સામે વાળાનું સ્કેનર માંગી પોતાની નકલી એપમાં પ્રોસેસ કરી પૈસા ટ્રાન્સફર થઈ ગયાનો બોગસ મેસેજ બતાવતો હતો અને બદલામાં રોકડ રકમ લઈ લેતો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેણે આ જ રીતે ત્રણ વ્યક્તિઓ સાથે ઠગાઈ કરી હોવાની વિગતો ખુલી હતી. ઝડપાયેલો આરોપી સાહિલ શેખ રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ વાડી પોલીસ સ્ટેશનમાં સગીરાની છેડતી કરવાનો તેમજ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં પણ ગંભીર ગુનાઓ નોંધાયેલા હતાં. હજુ વધુ કોઇ ઠગાઇ તેણે કરી હતી કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

અન્ય એક ડીટેક્શનમાં વિદેશ જવાની ઘેલછામાં છેતરપિંડીનો ભોગ બનેલા સુરત જિલ્લાના એક પરિવારને કોસંબા પોલીસે સમયસર હસ્તક્ષેપ કરી મોટી રાહત અપાવી છે. યુકેના વિઝા અપાવવાના બહાને ૨૮ લાખ પડાવી લેનાર કથિત ઇજનેર પાસેથી પોલીસે ૨૪ લાખની માતબર રકમ પરત અપાવીને પ્રસંશનીય કામગીરી કરી હતી. પલસાણા તાલુકાના સોયાણી ગામના રહેવાસી તેજલબેન વિરલભાઈ પરમારે વિદેશ જવા માટે સાજીદ મોમલાનો સંપર્ક કર્યો હતો. આરોપીએ યુકેના વિઝા અપાવવાની લાલચ આપી ટુકડે-ટુકડે ૨૮ લાખ પડાવી લીધા હતા. લાંબો સમય વીતવા છતાં વિઝા ન મળતા તેજલબેને પોતાના રૂપિયા પાછા માંગ્યા હતા

આ પછી સાજીદ માત્ર ખોટા વાયદાઓ આપી ગલ્લાંતલ્લાં કરતો હતો. છેવટે કંટાળીને પરિવારે કોસંબા પોલીસનો સંપર્ક સાધી આપવીતી જણાવી હતી. કોસંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી અરજદારની રજૂઆતને ગંભીરતાથી લઈને કોસંબા પી.આઈ. ઠુંમ્મર તથા પી.એસ. આઈ. એ. ડી. ધાંધલ સહિતની ટીમે ત્વરિત તપાસ હાથ ધરી હતી. પોલીસના કડક વલણ અને સક્રિય મધ્યસ્થતાને કારણે આરોપી સાજીદ મોમલા નમતુ જોખીને ૨૮ લાખમાંથી ૨૪ લાખ તાત્કાલિક પરત આપવા મજબૂર બન્યો હતો. ફસાયેલા નાણાં સુરક્ષિત પાછા મળતા પીડિત પરિવારે ભારે રાહત અનુભવી હતી. અને કોસંબા પોલીસનો આભાર માન્યો હતો. પોલીસની આ ત્વરિત અને કડક કાર્યવાહીથી બોગસ વિઝા કન્સલ્ટન્ટ્સમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો.

### અનેક વખત એવુ થાય કે વિશ્વાસુ જ ઘા કરી જાયઃ આવી બે ઘટના આવી સામે

# કારીગરની કારીગીરી : નકલી મૂકી અસલી ચેઇન ચોરી લીધા!

## જ્વેલર્સએ સ્ટોકની ગણતરી કરતાં અને સીસીટીવી ચેક કરતાં પોલ ખુલીઃ બીજી ઘટનામાં વૃધ્ધાની દેખરેખ માટે રાખેલો ઘરઘાટી ઘા કરી ગયોઃ રોકડ સાથે પાસપોર્ટ પણ ચોરી ગયો

રાજકોટઃ અલગ અલગ પેઢીઓ સંસ્થાઓ કંપનીઓ પોતાના કર્મચારીઓ કે કારીગરો પર વિશ્વાસ રાખી તેને મહત્વની જવાબદારી સોંપતા હોય છે. પરંતુ ઘણીવાર આવા કારીગરો, કર્મચારીઓ જ કારીગીરી કે ગઠીયાગીરી કરી જ્યાં ખાતા હોય ત્યાં જ થુકીને એટલે કે ફ્રોડ આચરીને કે ચોરી કરીને ગાયબ થઇ જતાં હોય છે. આવી બે ઘટના સામે આવી છે જેમાં એક જ્વેલર્સને ત્યાં નોકરી કરતો કર્મચારી સોનાની બે અસલી ચેઇન બઠ્ઠાવી લઇ તેની જગ્યાએ નકલી ચેઇન મુકી ભાગી ગયો હતો. બીજી ઘટનામાં ઘરઘાટી પર વિશ્વાસ રાખવાનો એક પરિવારને ભારે પડ્યો હતો. આ ઘરઘાટી ચાર લાખની રોકડ, પાસપોર્ટ ઉસેડી ભાગી ગયો હતો. વૃધ્ધને ફ્રેકચર થયું હોઇ પરિવારે તેમની સારસંભાળ માટે આ શખ્સને રાખ્યો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વડોદરાના રેસકોર્સ વિસ્તારમાં આવેલા મલબાર જ્વેલર્સના કર્મચારી ફૈઝલ સલીમ મનસુરીએ ચાર સોનાની ચેઇન ચોરી કરી હતી. સ્ટોક ચેકિંગ દરમિયાન નકલી ચેઇન મળતા સીસીટીવી ફૂટેજ તપાસતા ફૈઝલનો ભાંડો ફૂટ્યો હતો. તેણે ૨ ચેઇન પરત કરી, પરંતુ અન્ય બે ચેઇનનો પત્તો ન લાગતા અકોટા પોલીસે છ લાખની ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર વડોદરાના રેસકોર્સ વિસ્તારના એક જ્વેલર્સને ત્યાં કામ કરતા કર્મચારીએ સોનાની ચાર ચેઇનો ચોરી લીધી હતી,પરંતુ પકડાઇ જતાં બે ચેઇન પરત કરી હતી.જેથી અકોટા પોલીસે તેની સામે ગુનો નોંધ્યો હતો.



પોલીસે જણાવ્યું કે રેસકોર્સ વિસ્તારમાં વાણિજ્ય ભવન સામે આવેલા મલબાર જ્વેલર્સ શો રૂમમાં સ્ટોકની ચકાસણી દરમિયાન સોનાની રૂપિયા એક લાખની કિંમતની છ ગ્રામની ચેઇનને બદલે એક નકલી ચેઇન મળી હતી.જેથી સીસીટીવી ફટેજ તપાસતાં ફૈઝલ સલીમ મનસુરીનામનો કર્મચારી ચેઈનનું ટેગ હાથ પર લગાવી વોશરૂમમાં જતો અને ત્યારબાદ નકલી ચેઇન મૂકતો દેખાયો હતો. આ બનાવ પછી સ્ટોકની ગણતરી કરતાં ૧૮ ગ્રામથી વધુની ૩.૨૧ લાખની એક ચેઇન, બાદ રૂપિયા ૨.૮૧ લાખની ૧૬ ગ્રામથી વધુ વજનની ચેઇન અને જૂનમાં ૪ ગ્રામ ઉપરાંતની રૂ.૬૫ હજારની કિંમતની ચેઇન ગૂમ થયાનું જણાઇ આવ્યું હતું અને તેને બદલે ડૂપ્લિકેટ ચેઇન મળી આવી હતી. ફૈઝલની પૂછપરછ કરતાં તેણે બે ચઇન પરત કરી હતી. જો કે અનય છ લાખની બે ચેઇનનો પતો નહિ લાગતાં પોલીસે કાર્યવાહી કરી હતી.

બીજી ઘટના જોઇએ તો ગાંધીનગરના જાસપુર ગામના શિલ્પગ્રામ-૧ માં રહેતા ઈમિગ્રેશન અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા ૯૨ વર્ષીય વૃદ્ધની સારસંભાળ અને દેખરેખ રાખતો ઘરઘાટી જ ઘરમાંથી ચાર લાખની રોકડ રકમ અને પાસપોર્ટ સરકાવીને વતન ભાગી છૂટ્યો છે. આ અંગે સાંતેજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી. કલોલ તાલુકાના જાસપુર ગામે શિલ્પગ્રામ-૧ માં રહેતા ઈમિગ્રેશન અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા બાણુ વર્ષીય વૃધ્ધને પગમાં ફ્રેક્ચર થતાં તેમની સંભાળ રાખવા માટે રાખેલો નોકર સાગર વસંતલાલ કટારાએ ચોરીને અંજામ આપ્યો છે. દરમિયાન કોઈપણ સમયે સાગર કટારાએ રમેશભાઈના ઘરના ઈમિગ્રેશન કામ માટેના મમાંથી કાળા રંગનું પર્સ અને ટ્રાવેલિંગ બેગ ચોરી લીધા હતા.

આ બેગમાં આશરે રૂપિયા ૪ લાખની રોકડ રકમ, રમેશભાઈનો પાસપોર્ટ અને અન્ય મહત્વના દસ્તાવેજો રાખેલા હતા. બાદ જ્યારે રમેશભાઈના કૌટુંબિક ેહી અને હાઈકોર્ટના વકીલ ગૌરાંગભાઈ અમૃતલાલ વાઘેલા ઘરે આવ્યા ત્યારે આ ચોરી અંગે માલૂમ પડ્યું હતું.રમેશભાઈએ રૂમમાં બેગ ગાયબ જોતાં તપાસ કરી તો તે જગ્યાએથી એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જે અંગે ઘરમાં કામ કરતા અન્ય ઘરઘાટી જગદીશ કટારાને બોલાવી પૂછપરછ કરતા તેણે આ ફોન સાગર કટારાનો હોવાનું કહ્યું હતું. જેથી સાગર જ આ ચોરી કરીને ભાગી ગયો હોવાની ખાતરી થઈ હતી. ચોરી કર્યા બાદ આરોપી પોતાનો મોબાઈલ ફોન ઘટનાસ્થળે જ ભૂલી ગયો હતો. રમેશભાઈ મોટી ઉંમરના અને બીમાર હોવાને કારણે પોલીસ સ્ટેશને જઈ શકે તેમ ન હોવાથી તેમના વતી વકીલ ગૌરાંગભાઈ વાઘેલાએ સાંતેજ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. આમ વિશ્વાસુ કર્મચારી, ઘરઘાટી જ ઘા કરી ગયા હતાં.

# આઠ સંતાનના બાપે બાળાનો દેહ પીંખ્યો

## પોલીસે દબોચીને હવસખોરી ઉતારી નાંખીઃ અન્ય બનાવમાં ચૌદ વર્ષની બાળા સાથે દૂષ્કર્મના કેસમાં એકવીસ વર્ષના ઢગાને વીસ વર્ષની સજા ફટકારાઇ

રાજકોટઃ કોઇપણ રીતે સગીરાઓ વિદ્યાર્થીનીઓ કે યુવતિઓ અથવા તો પરિણીતાઓને લેભાગુઓ ફસાવીને દેહ પીંખી લેતાં હોય છે. આવી એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જેમાં એક આઠ સંતાનના બાપે એક સગીરાને ફસાવી લીધી હતી અને વારંવાર દેહ પીંખ્યો હતો. એટલુ જ નહિ તેણીના ફોટા વાયરલ કરવાની ધમકી દઇ બ્લેકમેઇલીંગ પણ કર્યુ હતું. અંતે સગીરાએ પોલીસની મદદ લેતાં આ હવસખોરને પોલીસે દબોચીને હવસખોરી ઉતારી હતી. અન્ય એક કિસ્સામાં ચૌદ વર્ષની બાળા સાથે દૂષ્કર્મ આચરનારા એકવીસ વર્ષના ઢગાને વીસ વર્ષની કેદની સજા ફટકારાઇ હતી.

વિગતો પર નજર કરીએ તો સુરતના લસકાણા પોલીસ સ્ટેશનમાં ચૌદ વર્ષની સગીરા પર દુષ્કર્મ, ધમકી અને અશ્લીલ તસવીરો વાયરલ કરવાનો ગંભીર ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં પોલીસે અડતાલીસ વર્ષીય આરોપી કામે કાર્યવાહી હાથ ધરી હતી. તપાસને અંતે આરોપી મામૈયા તોગાભાઈ વાટુકિયા ઝડપાઇ ગયો હતો. પીડિતાનો દુરના સગામાં તે થતો હતો અને પીડિતાની માતા તેને રાખડી બાંધતી હતી. અલગ-અલગ સમયે આરોપીએ સગીરાનું શારીરિક શોષણ કર્યું હતું. લસકાણા પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર આરોપી જમીન દલાલીનું કામ કરતો હતો અને પીડિતાના પરિવાર સાથે ઘરોબો કેળવી ઘરે અવારનવાર આવતો-જતો હતો. આ દરમિયાન તેણે પીડિતાની તેની મિત્ર સાથેની વ્હોટ્સએપ ચેટના સ્ક્રીનશોટ મેળવી લીધા હતા. આ ચેટ વાયરલ કરવાની ધમકી આપી તેણે પીડિતા પર દબાણ બનાવી મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હતા. આરોપીએ અંગત પળોનો વીડિયો બનાવી લીધો હતો અને તે વીડિયો વાયરલ કરવાની ધમકી આપી અલગ-અલગ જગ્યાએ પીડિતા પર વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આટલેથી ન અટકતાં આરોપીએ પીડિતાની અંગત તસવીરો તેમજ માંગમાં સિંદૂર ભરતા અને હાર પહેરાવતા ફોટા સમાજના ગ્રૂપમાં વાયરલ કરી દીધા હતા.

આ ઉપરાંત અગાઉં પીડિતાના પિતાનું અવસાન થયા બાદ આરોપી ઘરના નાના-મોટા ખર્ચ ઉઠાવતો હતો. આ અગાઉ પરિવારે તેની સાથે બે વખત સમાધાન પણ કર્યું હતું, જેમાં એક વાર રૂ. ૨ લાખ અને બીજી વાર રૂ. ૬૦ હજારમાં પતાવટ થઈ હોવાની વિગતો સામે આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે અડતાલીસ વર્ષીય આરોપી પોતે ૮ સંતાનોનો પિતા છે, જેમાંથી તેની બે દીકરીઓ પીડિતા કરતાં પણ મોટી છે. લસકાણા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાર્યવાહી કરી હતી.

અન્ય એક ઘટના જોઇએ તો સુરતની સ્પેશિયલ પોક્સો અદાલતે ૧૪ વર્ષીય સગા સંબંધમાં આવતી નાબાલિકા સાથે વારંવાર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં ૨૧ વર્ષીય રિક્ષાચાલકને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ કેસની વિગત મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી અને ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીને આરોપીએ લગ્નની લાલચ આપી પોતાના ઘરે બોલાવી શારીરિક શોષણ કર્યું હતું. આ મામલે ઓક્ટોબર ૨૦૨૩માં કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વધુ માહિતી અનુસાર ગુનો આચર્યા બાદ આરોપી લાંબો સમય નાસતો ફરતો રહ્યો હતો, જેની માર્ચ ૨૦૨૫માં પોલીસે ધરપકડ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ વી. એલ. ફાળદુની દલીલો, પીડિતાનું નિવેદન, શાળાનું બોનાફાઇડ સર્ટિફિકેટ તેમજ મેડિકલ પુરાવાઓને આધારે સ્પેશિયલ અદાલતે આરોપીને તમામ આરોપો હેઠળ દોષિત ઠેરવ્યો હતો. અદાલતે આરોપીને સખત કેદની સજા ઉપરાંત રૂ. ૫૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે, જે રકમ સીધી પીડિતાને ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે જ "ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ-૨૦૧૯" હેઠળ પીડિતાને રૂ. ૪,૦૦,૦૦૦નું વધારાનું વળતર ચૂકવવાનો પણ કોર્ટે મહત્વપૂર્ણ હુકમ કર્યો હતો. અદાલતની આ દાખલારૂપ કામગીરીને લોકોએ વધાવી લીધી હતી.

### મોટે ભાગે ગામના ગઠીયાઓ ગોલમાલ કરી જાય, ક્યારેક ઘરના ઘા કરી જાય

# વૃધ્ધ દંપતિના ત્રણ લાખ ભાણેજનો દિકરો ગપચાવી ગયો

## વિશ્વાસ મુકી દંપતિએ સાચવવા માટે રકમ આપી હતીઃ બીજી ઘટનામાં આઠ વર્ષ જુનો એકાઉન્ટન્ટ પેઢીના સવા છ કરોડ ખાઇ ગયો

રાજકોટ તા. ૨૪

રાજકોટઃ છેતરપીંડી ઠગાઇના અનેક એવા કિસ્સા વારંવાર બનતા રહે છે જેમાં અજાણ્યા કે પારકા નહિ પણ ઘરના જ ઘા કરી જતાં હોય છે. આવી જ એક ઠગાઇની ઘટના સામે આવી હતી. જેમાં એક વૃધ્ધ દંપતિ સાથે તેના જ સગા ભાણેજના દિકરાએ મસમોટી છેતરપીંડી કરી હતી. ભાણેજનો દિકરો બે કરોડ પંચ્યાસી લાખ પચાવી ગયાનો કિસ્સો પોલીસ ચોપડે ચડ્યો હતો. બીજી એક ઘટનામાં સોનાની હોલસેલ પેઢીમાં આઠ વર્ષથી એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો શખ્સ છ કરોડ ઓગણત્રીસ લાખની ચોરી કરી ભાગી ગયો હતો. જેમાં રોકાણ સાથે દાગીના પણ હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના બાપુનગર વિસ્તારમાં ૭૨ વર્ષીય વૃદ્ધ દંપતી સાથે રૂ. ૨.૮૫ કરોડથી વધુની છેતરપિંડી થઈ હતી. વૃદ્ધે પોતાના અને પુત્રના ભવિષ્ય માટે જીવનભરની બચત ભાણેજના દીકરા મૌલિક લોકડિયાને સાચવવા આપી હતી. લાંબો સમય થતાં અને પૈસા પરત ન મળતા, ધમકીઓ મળતાં અંતે મૌલિક સામે ફરિયાદ નોંધાવાતા પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર બાપુનગર વિસ્તારમાં વૃદ્ધ દંપતી સાથે રૂપિયા ૨.૮૫ કરોડથી વધુ રકમની છેતરપિંડીની ઘટના સામે આવી છે. બોંતેર વર્ષીય વૃદ્ધે પોતાના અને અસ્થીર મગજના પુત્રના ભવિષ્ય માટે જીવનભરની બચત ભાણેજના દીકરા આરોપી મૌલિક લોકડિયા પાસે સાચવવા આપી હતી.

લાંબો સમય થયા છતાં બાકીની રકમ પરત ન કરી ધમકીઓ અપાતાં અંતે મૌલિક લોકડિયા સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદી મથુર તેમના પત્ની મંજુલાબહેન સાથે બાપુનગર ખાતે નિવૃત્ત જીવન ગાળે છે. તેના બે દીકરાઓમાંથી એકનું અવસાન થઈ ચૂક્યું છે, જ્યારે બીજો દીકરો જન્મથી માનસિક રીતે અસ્થિર હતો, જેનું પણ બીમારીના કારણે મૃત્યુ થયું હતું. છેલ્લા ત્રીસ વર્ષથી છૂટક કન્સ્ટ્રક્શનનું કામ કરીને એકઠું કરેલું ભંડોળ અને બચત નિવૃત્ત વયે કામ આવે તે હેતુથી, તેણે ભાણેજના દીકરા મૌલિક પર ભરોસો મૂકીને સાચવવા આપવાનો નિર્ણય કર્યો હતો.

ત્યારબાદ આજથી સાત-આઠ વર્ષ પહેલાંથી લઈને માર્ચ ૨૦૨૪ સુધીમાં મથુરે મૌલિકને અલગ-અલગ સમયે પોતાની ઓફિસ અને ઘરેથી રોકડા ૩,૧૦,૫૯,૬૦૦ રૂપિયા તથા કોટક મહિન્દ્રા બેન્ક એકાઉન્ટ મારફતે ૯૨,૬૩,૧૪૦ રૂપિયા મળીને કુલ ૪,૦૩,૨૨,૭૪૦ રૂપિયા સાચવવા માટે આપ્યા હતા. જોકે, બે વર્ષ પહેલાં મથુરને પોતાના પ્લોટમાં શેડ બનાવવા માટે નાણાંની જરૂર પડતાં મૌલિક પાસે રકમ પરત માંગી હતી. પરંતુ મૌલિક વારંવાર ખોટા વાયદાઓ કરી પૈસા આપવાનું ટાળતો રહ્યો હતો. મૌલિકની દાનત પર શંકા જતાં સિંગરવા કઠવાડા રોડ સ્થિત ગોકુલ એસ્ટેટ ખાતે સમાજના વડીલો અને સંબંધીઓની હાજરીમાં એક બેઠક બોલાવવામાં આવી હતી. તેમાં હિસાબ કરતાં મૌલિકે પોતાની ભૂલ સ્વીકારી હતી અને મથુરની ડાયરીમાં પોતાના સ્વહસ્તાક્ષરે લખાણ લખીને સહી કરી આપી હતી.

જેમાં હાજર સાક્ષીઓએ પણ સહી કરી હતી. લખાણ મુજબ મૌલિકે નક્કી થયેલા સમયમર્યાદામાં નાણાં ચૂકવવાનો વાયદો કર્યો હતો. ત્યારબાદ મૌલિકે ચેક, રોકડા, ઓનલાઈન ટ્રાન્સફર તથા મહાવીરનગર સ્થિત પોતાની એક દુકાનનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપીને કુલ ૧,૧૮,૦૦,૦૦૦ રૂપિયા પરત ચૂકવ્યા હતા. પરંતુ બાકી નીકળતા ૨,૮૫,૨૨,૭૪૦ રૂપિયા વારંવાર માગવા છતાં તેણે આપવાની સાફ ના પાડી દીધી હતી અને થાય તે કરી લેવાની ધમકી આપી હતી. જેથી વૃદ્ધ દંપતીએ પોતાની જીવનભરની કમાણી મેળવવા માટે અંતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

બીજી એક ઘટના જોઇએ તો અમદાવાદના નવરંગપુરામાં આવેલી સોનાની હોલસેલ પેઢીના માલિકે ૮ વર્ષથી નોકરી કરતા એકાઉન્ટન્ટ કેયુર શાહ વિરુદ્ધ ૬,૨૯,૦૦,૦૦૦ રૂપિયાના સોના-રોકડની ચોરીની ફરિયાદ નોંધાવી હતી. કેયુરે ૩૮૫૦ ગ્રામ ૨૪ કેરેટ સોનું અને ૧,૩૦,૦૦૦૦ રોકડા ચોરી, પિતા-ભાઈઓને પણ સામેલ કર્યા હતાં. આ સમગ્ર ઘટનામાં સ્ટોક ચેક કરતા કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. નવરંગપુરામાં આવેલી એક સોનાની હોલસેલની પેઢીમાં કામ કરતા એકાઉન્ટના કામ કરતા કર્મચારીએ જ કરોડોની કિંમતનું ૨૪ કેરેટ ૩૮૫૦ ગ્રામ સોનું પડાવી લીધાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાવાઇ હતી. આઠ વર્ષથી નોકરી કરતા એકાઉન્ટન્ટ કેયુર શાહે કુલ ૬,૨૯,૦૦,૦૦૦ના રોકડા રૂપિયા અને સોનું ચોરી લીધું છે. માલિકને અંધારામાં રાખીને કરાયેલા આ કૌભાંડમાં આરોપીએ ચોરાયેલી તમામ વસ્તુ પોતાના પિતા અને ભાઈઓને આપી દીધી હતી. નોંધનીય છે કે, સ્ટોકમાં ૧૪૨૨.૩૫૭ ગ્રામ ગોલ્ડ હોવાનું અને ૧,૩૦,૦૦૦૦ રોકડ રકમ ગાયબ હોવાનું જાણ થતાં ભાંડો ફૂટ્યો હતો.

આ મામલે તેતાલીસ વર્ષીય ચિરાગ વાલાણીએ પોલીસ ફરિયાદ કરી છે. તે અમદાવાદના નિકોલ નરોડા રોડ પર રહે છે અને નવરંગપુરાના સી.જી. રોડ પર એક હોલસેલ સોનાની પેઢી ધરાવે છે. તેની ઓફિસમાં છેલ્લા ૮ વર્ષથી નોકરી કરતા કેયુર શૈલેષ શાહ નામના કર્મચારીએ તેની ગેરહાજરીમાં આપેલ ઓથોરિટીનો લાભ ઉઠાવીને કંપનીમાંથી સોનું અને રોકડ રકમ ચોરી લીધી હતી. આ ગુનાઈત કાવતરામાં આરોપીએ પોતાના પિતા અને ભાઈઓને પણ ચોરેલો માલ આપીને સામેલ કર્યા હતા. કેયુર શાહ કંપનીમાં ૮ વર્ષથી એકાઉન્ટ અને પરચેઝનું કામ સંભાળતો હોવાથી માલિકે તેના પર પૂરો ભરોસો મૂકીને વ્યવહારો માટે જનરલ ઓથોરિટી આપી હતી.

આ વિશ્વાસનો ગેરલાભ લઈને આરોપી કેયુરે તારીખ ધીમે ધીમે ઓફિસના સ્ટોકમાંથી ૨૪ કેરેટનું ૩૮૫૦ ગ્રામ ફાઈન ગોલ્ડ સેરવી લીધું હતું. એક ગ્રામના ૧૬૦૦૦ રૂપિયા લેખે આ સોનાની કુલ કિંમત ૬૧,૬૦,૦૦,૦૦ રૂપિયા થાય છે. આ ઉપરાંત સીસીટીવી ફૂટેજ મુજબ તેણે ઓફિસની કેશમાંથી પણ રોકડા રૂપિયા કાઢ્યા હતા, જેનો હિસાબ તપાસતા કુલ ૧,૩૦,૦૦૦૦ રૂપિયાની રોકડ ગાયબ હોવાનું જણાયું હતું. આમ, કુલ ૬૨,૯૦,૦૦૦૦ રૂપિયાની મત્તા ચોરીને આરોપીએ પોતાના પિતા શૈલેષ તથા ભાઈઓ અભિષેક અને સન્નીને આપી દીધી હતી. સ્ટોકમાં ૧૪૨૨.૩૫૭ ગ્રામ ગોલ્ડ જ હાજર મળતા અને આરોપીનો ફોન સ્વીચ ઓફ આવતા આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.







નાસ્તાની દૈનિક ગુણવત્તા અંગે ચકાસણી કરીને તેનું અપડેટ ખાસ બનાવેલા વ્હોટ્સએપ ગ્રુપમાં નિયમિતપણે આપવાનું રહેશે

# ૩૬૪ આંગણવાડીમાં નબળાં ભોજન મામલે તંત્ર લાલઘૂમ

## કથળેલી ગુણવત્તા સામે ડેપ્યુટી કમિશનરે આપ્યા કડક તપાસ અને દંડાત્મક કાર્યવાહીના આદેશ

રાજકોટ, તા. ૨૪

રાજકોટ શહેરની આંગણવાડીઓમાં ભૂલકાંઓને પીરસાતા ભોજનની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. ખાસ કરીને શુક્રવારે બાળકોને આપવામાં આવેલા નાસ્તામાં અત્યંત નબળી ગુણવત્તાવાળા રોટલા અને થેપલા પીરસાતાં વાલીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અન્નપૂર્ણા સમાન ગણાતા આ ભોજનની કથળેલી સ્થિતિ દર્શાવતા રોટલાના ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ મહાનગરપાલિકાનું તંત્ર હરકતમાં આવ્યું છે. માસુમ બાળકોના સ્વાસ્થ્ય સાથે થઈ રહેલા આ ખુલ્લા ચેડાં અંગેના અહેવાલો સામે આવતા જ ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણીએ સમગ્ર મામલે કડક વલણ અપનાવીને પરિસ્થિતિનો ચિતાર આપતું સત્તાવાર નિવેદન આપ્યું હતું.

ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણીએ આ મામલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે શહેરની તમામ ૩૬૪ આંગણવાડીઓમાં બાળકો માટે નિયમિતપણે નાસ્તો અને ભોજન મોકલવામાં આવે છે અને આ માસુમ ભૂલકાંઓને સારું અને પૌષ્ટિક ભોજન મળી રહે તે જ તંત્રની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. શુક્રવારે આપવામાં આવેલી નબળી રોટલી કે થેપલા અંગેની બાબતને ગંભીરતાથી લેવામાં આવી છે અને આ પ્રકારની બેદરકારી ભવિષ્યમાં ન દોહરાવાય તે માટે સિસ્ટમમાં તાત્કાલિક સુધારા લાગુ કરવામાં આવ્યા છે. હવેથી જ્યારે પણ આંગણવાડીઓ માટે નાસ્તો ડિસ્પેચ કરવામાં આવે તે સમયે સીડીપીઓએ સ્થળ પર રૂબરૂ હાજર રહીને તમામ આહારની ગુણવત્તા ચકાસવાની રહેશે. આ ઉપરાંત, ભોજન અને નાસ્તાની ગુણવત્તા અંગેનું લાઈવ અપડેટ નિયમિતપણે વ્હોટ્સએપ ગ્રુપમાં મોકલવાની કડક સૂચના પણ આપવામાં આવી છે, જેથી ક્ષણે-ક્ષણનું મોનિટરિંગ કરી શકાય.

તંત્ર દ્વારા આ ગંભીર બેદરકારી બદલ ભોજનનો કોન્ટ્રાક્ટ ધરાવનાર એજન્સી સામે પણ આકરાં પગલાં લેવાની તૈયારી દર્શાવવામાં આવી છે. બાળકોના આરોગ્ય સાથે રમત રમનાર કોન્ટ્રાક્ટર વિરુદ્ધ નિયમાનુસાર દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર પડ્યે દંડ ફટકારવા સહિતના આકરા પગલાં લેવાશે. તંત્રના આ કડક આદેશો બાદ હવે આંગણવાડીના ભોજનની ગુણવત્તામાં ખરેખર સુધારો આવે છે કે કેમ તેના પર તમામ વાલીઓની નજર ટકેલી છે.

### કોન્ટ્રાક્ટ સંભાળ્યાના માત્ર ૫ જ દિવસમાં એજન્સીની ઘોર બેદરકારી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની ૩૬૪ જેટલી આંગણવાડીઓમાં બાળકોને ભોજન અને નાસ્તો પહોંચાડવાનો નવો કોન્ટ્રાક્ટ તાજેતરમાં 'પારસ એગ્રો' નામની સંસ્થાને સોંપવામાં આવ્યો હતો. જોકે, નવી એજન્સીએ કામગીરી સંભાળ્યાના ગણતરીના ૫ જ દિવસમાં બાળકોના ખોરાકની ગુણવત્તામાં દાખવેલી ઘોર બેદરકારી સામે આવી છે. ભૂલકાંઓને પીરસવામાં આવતી રોટલી, થેપલાં અને શીરાની ગુણવત્તા અત્યંત તળિયા ઝાટક માલૂમ પડતાં વાલીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ મામલે વાલીઓએ ઉગ્ર વિરોધ નોંધાવતાં તંત્ર સામે તીખા સવાલો ઉઠાવ્યા હતા કે આવા નબળા અને હલકી ગુણવત્તાવાળા ખોરાકથી બાળકોને યોગ્ય પોષણ કેવી રીતે મળી શકશે.

### ભોજનની ગુણવત્તા મુદ્દે મનપા લાલઘૂમ

રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણીએ જણાવ્યું છે કે બાળકોને શુદ્ધ, સાત્વિક અને પૌષ્ટિક આહાર પૂરો પાડવો એ મહાપાલિકાની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ગત શુક્રવાર, ૨૧ તારીખના રોજ નબળી ગુણવત્તાના નાસ્તા અંગે પ્રથમ ફરિયાદ મળતાં જ મનપા તંત્રે તેને ગંભીરતાથી લીધી હતી. આ મામલે કોન્ટ્રાક્ટર એજન્સી 'પારસ એગ્રો' દ્વારા ટેન્ડરની શરતો અને નિયમોનો ભંગ કરવામાં આવ્યો હોવાનું સામે આવતાં જ તેની સામે કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# લોકમેળો એટલે 'વિરાસતથી વિકાસ'

## કટોકટીના સમયે બચાવ કામગીરી ઝડપી બનાવવા માટે અલગ જ માર્ગ તૈયાર કરવામાં આવ્યો છે : ક્રાઉડ મોનિટરિંગ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમ અને ડ્રોન કેમેરાથી સતત નજર રખાશે




રાજકોટ, તા. ૨૪

રાજકોટના ઐતિહાસિક રેસકોર્સ મેદાન ખાતે આગામી ૨ થી ૬ સપ્ટેમ્બર (રાંધણ છટ્ઠથી દશમ) દરમિયાન યોજાનારા પરંપરાગત જન્માષ્ટમી લોકમેળાની તમામ વ્યવસ્થાઓ પૂર્ણતાના આરે છે. જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે આજે કલેક્ટર કચેરી ખાતે મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે સમગ્ર સૌરાષ્ટ્રના આ અતિ વિખ્યાત મેળાનુ આયોજન ભવ્ય અને સુરક્ષિત રીતે કરવામાં આવી રહ્યું છે. તા. ૨ સપ્ટેમ્બરના રોજ યોજાનારા ઉદઘાટન સમારોહના મુખ્ય અતિથિના નામની જાહેરાત ટૂંક સમયમાં કરાશે.

લોકમેળાના નામકરણ માટે રાજકોટવાસીઓ પાસેથી મંગાવેલી આશરે ૪૫૦૦ અરજીઓમાંથી શોર્ટ લિસ્ટ કરાયેલા ૧૦૦ નામોમાંથી આ વર્ષે 'વિરાસતથી વિકાસ લોકમેળો-૨૦૨૬' નામ નક્કી કરવામાં આવ્યું છે, જે રાજકોટના નાગરિક અજય રતિભાઈ કુકડિયા દ્વારા સૂચવવામાં આવ્યું હતું. મેળામાં પ્લોટ અને સ્ટોલની હરાજી તેમજ ડ્રોની પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ કરી અલોટમેન્ટ લેટર આપી દેવાયા છે. યાંત્રિક રાઈડ્સ, આઈસક્રીમ અને ખાણી-પીણીના સ્ટોલ્સ સહિતના પ્લોટની ફાળવણીમાંથી લોકમેળા સમિતિને રૂ. ૩૬૪ લાખની આવક થઈ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્લોટિંગ પૂર્ણ કરાયું છે, જ્યારે PGVCL દ્વારા વીજ કનેક્શન આપવાની કામગીરી પ્રગતિમાં છે. યાંત્રિક રાઈડ્સની સેફ્ટી ચકાસ્યા બાદ જ લાયસન્સ આપવામાં આવશે.

મેળામાં આવતા લાખો દર્શનાર્થીઓની સુરક્ષા માટે ટેન્ડર પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ચૂકી છે. આકસ્મિક આપત્તિ સામે રૂ. ૧૦ કરોડનો પબ્લિક લાયબિલિટી અને રૂ. ૨ કરોડનો ઈવેન્ટ કેન્સિલેશન વીમો લેવાયો છે. કોઈપણ ઈમરજન્સીને પહોંચી વળવા સેન્ટ્રલ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ ઊભો કરાશે, જ્યાં તમામ વિભાગોના સિનિયર અધિકારીઓ ૨૪ કલાક તૈનાત રહેશે. કટોકટીમાં બચાવ કામગીરી અવરોધાય નહીં તે માટે સમર્પિત 'ડિઝાસ્ટર કોરિડોર' બનાવાયો છે. ક્રાઉડ મોનિટરિંગ માટે AI બેઝ્ડ સિસ્ટમ અને ડ્રોન કેમેરાથી સતત નજર રખાશે. આ ઉપરાંત ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને ચદ્ધ્ટ ટીમ દ્વારા સ્થળ પર મોકડ્રિલ કરીને સુરક્ષા વ્યવસ્થા ચકાસાશે.

મેળામાં દરરોજ સાંજે ૪ થી ૮ વાગ્યા દરમિયાન સ્થાનિક ૪૦ જેટલા કલાકારોને પોતાની પ્રસ્તુતિ માટે પ્લેટફોર્મ અપાશે. મુખ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિઓમાં ૨ સપ્ટેમ્બરે ગોપાલ ભરવાડ અને નેવી બેન્ડ, ૩ સપ્ટેમ્બરે રાજભા ગઢવી, ૪ સપ્ટેમ્બરે સાંત્વની ત્રિવેદી, ૫ સપ્ટેમ્બરે ઉદય ધાંધલ તેમજ ૬ સપ્ટેમ્બરે સાગર કાચા અને દિવ્યેશ જેઠવાની જોડી લોકબોલી અને સંગીતની રંગત જમાવશે.

# મટકીફોડ સ્પર્ધાનું જાજરમાન આયોજન

## ગોવિંદાઓ માટે આકર્ષક ઈનામો અને સલામતી પર વિશેષ ભાર : ટેન્ડર પ્રસિદ્ધ



રાજકોટ, તા. ૨૪

રાજકોટ શહેરના આંગણે જન્માષ્ટમી પર્વની ઉજવણીને વધુ ઉત્સાહસભર અને યાદગાર બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રથમ વખત મુંબઈની તર્જ પર ભવ્ય 'મટકીફોડ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેને લઈને ખેલદિલો અને કૃષ્ણભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ભવ્ય કાર્યક્રમનું પ્રોફેશનલ આયોજન થાય તે હેતુથી મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિકાસ વિભાગ દ્વારા તારીખ ૪ના રોજ યોજાનાર આ ઈવેન્ટ માટે અનુભવી ઈવેન્ટ મેનેજમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ પાસેથી ઓફર મંગાવવા ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન, સ્ટેજ, સાઉન્ડ અને સુરક્ષા વ્યવસ્થા સુચારુ રીતે થાય તે માટે અનુભવી પેઢીની પસંદગી કરવામાં આવશે.

મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા કાર્યક્રમ માટે યોગ્ય સ્થળની પસંદગીની પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં ચૌધરી હાઈ સ્કૂલ મેદાન તથા રેસકોર્સ નું ક્રિકેટ ગ્રાઉન્ડ હાલ ચર્ચામાં છે. આ સ્પર્ધાને મુંબઈની પ્રખ્યાત 'ગોવિંદા આલા રે'ની તર્જ પર આકર્ષક બનાવવા માટે વિજેતા મંડળો/ટીમો માટે મોટા રોકડ ઈનામો આપવાની વિચારણા ચાલી રહી છે. આ ઉપરાંત, ભાગ લેનાર અને વિજેતા બનનાર તમામ સ્પર્ધકોને મહાનગરપાલિકા દ્વારા પ્રોત્સાહક સર્ટિફિકેટ તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવશે. સ્પર્ધકોની સુરક્ષા મહાનગરપાલિકા માટે પ્રાથમિકતા રહેશે. મટકીફોડ સ્પર્ધા દરમિયાન ગોવિંદાઓની સલામતી માટે સુરક્ષા કવચ, સેફ્ટી નેટ (જાળી), મેટ્રેસ અને ઈમરજન્સી મેડિકલ/એમ્બ્યુલન્સ ટીમ તૈનાત રાખવામાં આવશે. સ્પર્ધાના ચોક્કસ નિયમો, ટીમ રજિસ્ટ્રેશન અને ઊંચાઈ સંબંધિત સત્તાવાર વિગતો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

મેટોડા સ્થિત પ્રોડક્શન યુનિટ પર ગ્રાહકનો હોબાળો અને લેખિત ફરિયાદ

# 'યુ-ફ્રેશ' બ્રાન્ડની મીઠાઈમાંથી ફૂગ

## તહેવારો પૂર્વે રાજકોટમાં મીઠાઈપ્રેમીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો : ફૂડ વિભાગની કામગીરી સામે ઊઠ્યા સવાલો

રાજકોટ, તા. ૨૪

રાજકોટમાં મીઠાઈના શોખીનો માટે એક ચોંકાવનારો અને આંખ ઉઘાડનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરમાં પેકેજ્ડ ફૂડ અને મીઠાઈ ક્ષેત્રે જાણીતી 'યુ-ફ્રેશ' બ્રાન્ડની મીઠાઈમાંથી ખુલ્લેઆમ ફૂગ નીકળતાં ગ્રાહકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. એક જાગૃત ગ્રાહકે ખરીદેલી મીઠાઈમાં ક્ષતિ જણાતાં તેમણે ત્વરિત વિરોધ દર્શાવ્યો હતો અને સમગ્ર મામલે ભારે હંગામો મચ્યો છે. ખરીદેલી મીઠાઈમાં ફૂગ હોવાનું ધ્યાને આવતાં જ ગ્રાહકે મૌન રહેવાને બદલે જવાબદાર સંચાલકોને પાઠ ભણાવવાનું નક્કી કર્યું હતું. ગ્રાહક તાત્કાલિક અસરથી મેટોડા જીઆઈડીસી સ્થિત 'યુ-ફ્રેશ'ના મુખ્ય પ્રોડક્શન યુનિટ પર પહોંચી ગયા હતા. ત્યાં તેમણે અસ્વચ્છ અને વાસી સામગ્રીના વેચાણ અંગે સંચાલકો સમક્ષ કડક શબ્દોમાં આક્રોશ વ્યક્ત કર્યો હતો અને સ્થળ પર જ લેખિત ફરિયાદ નોંધાવીને ખુલાસો માંગ્યો હતો.

આગામી દિવસોમાં તહેવારોની હારમાળા શરૂ થઈ રહી છે, ત્યારે જ બજારમાં વેચાતી આવી પ્રોસેસ્ડ અને બ્રાન્ડેડ મીઠાઈઓની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નાર્થચિહ્ન ઊભા થયા છે. વેપારીઓ દ્વારા વધુ નફો રળી લેવાની ઘેલછામાં અથવા યોગ્ય કોલ્ડ સ્ટોરેજ અને સ્વચ્છતાના અભાવે વાસી મીઠાઈ ગ્રાહકોને પધરાવી દેવાતી હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. 'યુ-ફ્રેશ' જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડમાંથી ફૂગ મળી આવતાં હવે સામાન્ય નાગરિકો માટે બહારની મીઠાઈ કેટલી સુરક્ષિત છે તે અંગે ચિંતા પ્રસરી છે.

આ ઘટના બાદ રાજકોટ મહાનગરપાલિકા (છખ્ખઈ), જિલ્લા આરોગ્ય તંત્ર અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની નબળી કામગીરી સામે વેધક સવાલો ઊઠી રહ્યા છે. તહેવારો નજીક આવે ત્યારે જ માત્ર નામપૂરતા દરોડા પાડવાનો કાગડોળ મચાવતા અધિકારીઓ સામે લોકોમાં ભારે અસંતોષ છે. નાગરિકોની માગણી છે કે ફૂડ વિભાગ દ્વારા માત્ર તહેવારો પૂરતું નહીં, પરંતુ વર્ષભર નિયમિત ચકાસણી કરવામાં આવે. 'યુ-ફ્રેશ'ના મેટોડા સ્થિત યુનિટ તેમજ બજારમાંથી આ બ્રાન્ડની મીઠાઈના તાત્કાલિક નમૂના (સેમ્પલ) લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલવામાં આવે. ગ્રાહકોના આરોગ્ય સાથે રમત રમતા સંગ્રહખોરો અને ગુણવત્તા વગરનું ખાદ્યપદાર્થ વેચનારાઓ સામે કાયદાકીય રીતે કડકમાં કડક પગલાં લેવાય.

'યુ-ફ્રેશ' મીઠાઈમાં ફૂગ મળવાના કિસ્સા બાદ રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ અને 'ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન'ની કાર્યશૈલી સામે વેપારીઓ અને સામાન્ય જનતામાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ફૂડ વિભાગ આખા વર્ષ દરમિયાન સુષુપ્ત અવસ્થામાં રહે છે અને માત્ર દિવાળી, સાતમ-આઠમ કે હોળી જેવા તહેવારો નજીક આવે ત્યારે જ 'નામપૂરતા' દરોડા પાડીને મીડિયા કવરેજ મેળવે છે. નિયમિત તપાસનો અભાવ હોવાથી વેપારીઓને બેદરકારી દાખવવાની છૂટ મળી જાય છે. મેટોડા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં ચાલતા મોટા પ્રોડક્શન યુનિટ્સમાં હાઈજીન (સ્વચ્છતા) ના નિયમોનું પાલન થાય છે કે નહીં, તેનું કોઈ સતત સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવતું નથી.

ફૂડ વિભાગ દ્વારા જ્યારે પણ સેમ્પલ લેવામાં આવે છે, ત્યારે તેના લેબોરેટરી રિપોર્ટ આવવામાં મહિનાઓ નીકળી જાય છે. ત્યાં સુધીમાં તો દૂષિત માલ બજારમાં વેચાઈ ચૂક્યો હોય છે અને લોકોના પેટમાં પહોંચી ગયો હોય છે. મોટા ભાગના કિસ્સાઓમાં માત્ર કારણદર્શક નોટિસ અથવા સામાન્ય દંડ આપીને મામલો થાળે પાડી દેવામાં આવે છે. કડક લાયસન્સ રદ કરવા કે કાયદાકીય જેલની જોગવાઈ જેવા કડક પગલાં ખૂબ ઓછા લેવાય છે.




### તંત્ર સમક્ષ જાગૃત નાગરિકો અને લોકમાગ

- **તાત્કાલિક સીલિંગ અને સેમ્પલિંગ :** 'યુ-ફ્રેશ'ના મેટોડા સ્થિત યુનિટ તેમજ બજારમાં સપ્લાય થયેલા તમામ બેચના સેમ્પલ તાત્કાલિક ધોરણે લેબોરેટરીમાં મોકલવામાં આવે અને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી પ્રોડક્શન બંધ કરાવવામાં આવે.
- **સરપ્રાઈઝ આઈસ-રેડ :** માત્ર રિટેલ દુકાનો જ નહીં, પરંતુ મોટા પ્રોડક્શન હાઉસ અને કોલ્ડ સ્ટોરેજ પર સીધા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવે.
- **ઓનલાઈન પબ્લિક ડેશબોર્ડ :** જે બ્રાન્ડ કે વેપારીના સેમ્પલ ફેઈલ થાય અથવા અસ્વચ્છતા મળે, તેમના નામ જાહેર જનતાની જાણકારી માટે સાર્વજનિક કરવામાં આવે જેથી લોકો જાગૃત રહી શકે.